RNI No.: GUJGUJ/2014/59295

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 6 * Issue No. 180* Date: 28.04.2022 Thursday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

### મોદીએ તમામ રાજ્યોના મુખ્યમંત્રીઓ સાથે બેઠક કરી

## કેટલાક રાજ્યો પેટ્રોલ અને ડીઝલ પર ટેક્સ ઘટાડી રહ્યા નથી, તેનાથી જનતા પર બોજ વધ્યો : વડાપ્રધાન

નવીદિલ્હી,તા.૨૭

નવી દિલ્હી: દેશમાં કોરોનાના વધતા જતા કેસોને લઈને પીએ મોદીએ આજે તમામ રાજ્યોના મુખ્યમંત્રીઓ સાથે બેઠક કરી હતી.આ દરમિયાન પીએમએ રસીકરણ અભિયાન અને સાવચેતી અંગે ચર્ચા કરી હતી. આ દરમિયાન દેશમાં પેટ્રોલ અને ડીઝલની વધતી કિંમતો વિશે પણ વાતચીત કરી. પીએમ મોદીએ કહ્યું- તમે જાણો છો કે ભારત સરકારને જે રેવન્યુ આવે છે તેમાંથી ૪૨ ટકા તો રાજ્યોની પાસે જતો રહે છે. આવી સ્થિતિમાં હું રાજ્યોને સહયોગ કરવા વિનંતી કરું છું. હું તમને બધાને વિનંતી કરું છું કે તમે તમારા રાજ્ય અને તમારા પડોશી રાજ્યોના હિતને સર્વોચ્ચ પ્રાથમિકતા આપો. આજે તમિલનાડુમાં પેટ્રોલ ૧૧૧ રૂપિયા, જયપુરમાં ૧૧૮થી વધુ, હૈદરાબાદમાં ૧૧૯થી વધુ છે. મુંબઈમાં ૧૨૦ અને બાજુમાં દમણ દીવમાં ૧૦૨ રૂપિયામાં મળી રહ્યું છે. આજે ભારતની અર્થવ્યવસ્થાઓમાં કેન્દ્ર અને રાજ્ય સરકારો વચ્ચે સંકલન પહેલા કરતા વધુ મહત્વપૂર્ણ છે. યુદ્ધના વાતાવરણમાં દિવસેને દિવસે પડકારો આવ્યો છે. આવી કટોકટીના સમયમાં કેન્દ્ર અને રાજ્યો વચ્ચે સંકલન વધારવું વધુ અનિવાર્ય બની ગયું છે. જેમ કે પેટ્રોલ અને ડીઝલના ભાવનો વિષય બધાની સામે છે. દેશવાસીઓ પર તેમની વધતી કિંમતોનો બોજ ઘટાડવા માટે રાજ્યોને તેમના ટેક્સ ઘટાડવા માટે વિનંતી કરવામાં આવી હતી, જે પછી કેટલાક રાજ્યોએ ટેક્સમાં ઘટાડો કર્યો હતો, પરંતુ કેટલાક રાજ્યોએ તેના નાગરિકોને તેનો લાભ આપ્યો ન હતો, તેથી આ રાજ્યોએ પેટ્રોલ અને ડીઝલના ભાવમાં વધારો કર્યો હતો. અન્ય રાજ્યોની સરખામણીમાં વધુ છે. કોરોનાની ચોથા લહેરની આશંકા વચ્ચે વડાપ્રધાન મોદીની મુખ્યમંત્રીઓ સાથે આ પ્રથમ મુલાકાત છે. માનવામાં આવે છે કે મીટિંગ દરમિયાન દેશભરમાં કોરોનાના બૂસ્ટર ડોઝને ફ્રી બનાવવાનો પ્રસ્તાવ જાહેર કરવામાં આવી શકે છે. પીએમ મોદીએ જણાવ્યું હતું કે, હું તમામ કોરોના વોરિયર્સની પ્રશંસા કરું છું, જેવી રીતે તેમણે અત્યાર સુધી કામ કર્યું છે. અમુક રાજ્યોમાં કોરોના કેસ વધવા લાગ્યા છે, પરંતુ કોરોનાનો ખતરો હજુ સુધી ટળ્યો નથી. હજુ દેશમાં ગંભીર હાલત બની શકે છે. આપણે બધાએ યુરોપમાં જોઈ ચૂક્યા છે. છેલ્લા કેટલાંક દિવસોમાં ઘણા દેશોમાં કોરોના કેસ નોંધપાત્ર રીતે વધ્યા છે. પરંતુ આપણે સ્થિતિને નિયંત્રણમાં રાખી છે.

છેલ્લા બે અઠવાડિયામાં કોરોના કેસ વધવાના કારણે આપણે સમજી જવું જોઈએ કે આપણે એલર્ટ રહેવાની જરૂર છે. આપણી પાસે થોડાક મહિનાઓ પહેલા જે લહેર આવી, તેમાંથી આપણે કંઈક શીખ્યું. તમામ ઓમિક્રોનથી સફળતા પૂર્વક સામનો કર્યો. બે વર્ષની અંદર દેશના હેલ્થ ઈન્ફ્રાસ્ટ્રક્ચરને લઈને ઓક્સિજન સુધી કામ કર્યું.

ત્રીજી લહેરમાં સ્થિતિ વધુ ખરાબ થઈ ન હતી. જેનાથી રસીકરણમાં મદદ મળી. આ રસી દરેક રાજ્યમાં લોકો સુધી પહોંચી છે. દરેક ભારતીય માટે ગર્વની વાત છે કે આજે ૯૬ ટકા વસ્તીને પહેલો ડોઝ મળ્યો છે, ૧૫ વર્ષથી વધુ ઉંમરના ૮૫ ટકા લોકોને બીજો ડોઝ મળ્યો છે. તમે સમજો છો કે રસી એ સૌથી મોટી ઢાલ છે. દેશમાં લાંબા સમય બાદ શાળાઓ ખુલી છે, આવી સ્થિતિમાં કેસ વધવાથી ચિંતા વધી રહી છે. માર્ચમાં આપણે ૧૨ થી ૧૪ માટે, આવતીકાલે ૬ થી ૧૨ માટે Covaxin માટે પરવાનગી મળી છે. અમારી પ્રાથમિકતા તમામ પાત્રતા ધરાવતા બાળકોને શક્ય તેટલી વહેલી તકે રસીકરણ કરવાની છે.

પહેલાની જેમ હવે શાળાઓમાં વિશેષ ઝુંબેશ ચલાવવાની જરૂર પડશે. શિક્ષકો-માતાપિતા અને અન્ય પાત્ર લોકો પણ સાવચેતીનો ડોઝ લઈ શકે છે. આપણે તેમને જાગૃત કરતા રહેવાનું છે. ત્રીજા લહેર દરમિયાન અમે દરરોજ ત્રણ લાખથી વધુ કેસ જોયા. અમે તેણે સંભાળ્યો. આ સંતુલન અમારી આગળની વ્યૂહરચનાનો એક ભાગ હોવો જોઈએ. સંક્રમણને શરૂઆતથી જ અટકાવવો પડશે. ભૂતકાળમાં પણ આ અમારી પ્રાથમિકતા હતી અને હજુ પણ એવી જ છે.જે દર્દીઓ ગંભીર ઈન્ફલ્યુએન્ઝાના દર્દીઓ હોય હોસ્પિટલમાં દાખલ હોય તેમની પાસે 100% આરટીપીસીઆર ટેસ્ટ હોવો જોઈએ. જો પોઝિટિવ હોય, તો તેનો નમૂનો જીનોમ સિક્વન્સિંગ માટે મોકલો. જાહેરમાં ગભરાટ ન ફેલાય તેનું પણ ધ્યાન રાખો. હેલ્થ ઈન્ફ્રાસ્ટ્રક્ચરને અપડેટ કરવાનું કામ ઝડપથી આગળ વધવું જોઈએ. તે પણ નક્કી કરવું પડશે કે તમામ સુવિધાઓ કાર્યરત છે. જવાબદારીઓ નિશ્ચિત કરવી જોઈએ જેથી જ્યારે જરૂર પડે ત્યારે કોઈ સંકટ ન આવે. કેન્દ્ર અને રાજ્યોના સંયુક્ત પ્રયાસોથી જ દેશમાં આરોગ્ય ક્ષેત્રે ઘણો સુધારો થયો છે, પરંતુ મિત્રો, આજે આ ચર્ચામાં મારે વધુ એક પાસાની વાત કરવી છે.




## છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના ૨,૯૨૭ નવા કેસ નોંધાયા

નવીદિલ્હી,તા.૨૭

ભારતમાં ફરી એકવાર કોરોનાના કેસમાં વધારો થયો છે. બુધવારે સ્વાસ્થ્ય મંત્રાલય દ્વારા જાહેર કરવામાં આવેલા આંકડા અનુસાર, છેલ્લા ૨૪ કલાકમાં સંક્રમણના કેસોમાં લગભગ ૧૮ ટકાનો ઉછાળો આવ્યો છે. જાહેર કરાયેલા અહેવાલ મુજબ, ૨૪ કલાકમાં ૨,૯૨૭ નવા કેસ નોંધાયા છે. આ દરમિયાન કોવિડ-૧૯ને કારણે દેશમાં ૩૨ લોકોના મોત થયા છે. દેશમાં હાલમાં સક્રિય કેસની સંખ્યા ૧૬,૨૭૯ છે. રાહતની વાત એ છે કે છેલ્લા ૨૪ કલાકમાં ૨,૨૫૨ દર્દીઓને કોરોના સંક્રમણમાંથી મુક્તિ મળી છે. હાલમાં રિકવરી રેટ ૯૮.૭૫ ટકા છે.

દેશની રાજધાની દિલ્હીમાં પણ કેસ ઝડપથી વધી રહ્યા છે. મંગળવારે, દિલ્હીમાં કોરોના વાયરસના ચેપના ૧,૨૦૪ નવા કેસ નોંધાયા હતા, જ્યારે એક દર્દીનું મૃત્યુ થયું હતું. સોમવારે રાષ્ટ્રીય રાજધાનીમાં ૧,૦૧૧ કેસ અને એક મૃત્યુ નોંધવામાં આવ્યું હતું જ્યારે હકારાત્મકતા દર વધીને ૬.૪૨ ટકા થયો હતો. આ સંખ્યા ૨૬,૧૬૯ છે.

નોંધપાત્ર રીતે, ડ્રગ કંટ્રોલર જનરલ ઓફ ઈન્ડિયા (DCGI) એ મંગળવારે ૬-૧૨ વર્ષની વયના બાળકો માટે ભારત બાયોટેકના કોવેક્સિનના મર્યાદિત કટોકટીના ઉપયોગને મંજૂરી આપી હતી. ફ્રઝૈં એ રસી ઉત્પાદકને પ્રથમ બે મહિના માટે દર ૧૫ દિવસે યોગ્ય વિશ્લેષણ સાથે પ્રતિકૂળ ઘટનાના ડેટા સહિત સલામતી ડેટા સબમિટ કરવાનો પણ નિર્દેશ આપ્યો છે.

સ્વાસ્થ્ય મંત્રી મનસુખ માંડવિયાએ મંગળવારે ટ્વીટ કર્યું કે કોવિડ સામેની લડાઈ હવે મજબૂત બની છે. ૬ થી ૧૨ વર્ષની વય જૂથ માટે 'કોવેક્સિન' ના બે ડોઝ, ૫ થી ૧૨ વર્ષની વય જૂથ માટે 'કોર્બેવેક્સ' અને ૧૨ વર્ષથી વધુ વય જૂથ માટે 'ZyCoV-D' આપવાની મંજૂરી આપી છે.

## સુપ્રીમ કોર્ટ જમ્મુ કાશ્મીરમાં લાગુ તમામ કાનુનોને પલ્ટી દેશે : મહેબુબા

શ્રીનગર,તા.૨૭

પીડીપી અધ્યક્ષ મહેબુબા મુફતીએ આશા વ્યકત કરી છે કે સુપ્રીમ કોર્ટ ફકત બંધારણની કલમ ૩૭૦ને સમાપ્ત કરી કેન્દ્રના નિર્ણય પર રોક લગાવશે એટલું જ નહીં પૂર્વવર્તી જમ્મુ કાશ્મીર રાજયનના વિશેષ દરજજાને સમાપ્ત કર્યા બાદ ત્યાં લાગુ કરવામાં આવેલ તમામ કાનુનોને પણ પલટી દેશે

જમ્મુ કાશ્મીરના પૂર્વ મુખ્યમંત્રીએ એક ટ્વીટમાં કહ્યું કે એક રાજયના કાનુની અને બંધારણીય વિશેષ દરજજાને છીનાવી તેનો બે ભાગમાં વિભાજીત કરી દેવામાં આવ્યું અને અધિકારવિહીન બનાવી જેવામાં આવ્યું આમ છતા સુપ્રીમ કોર્ટનો મામલાનો યાદીબધ્ધ કરવામાં ત્રણ વર્ષ લાગી ગયા છે.

તેમણે કહ્યું કે આશા છે કે સુપ્રીમ કોર્ટ ફકત કલમ ૩૭૦નો સમાપ્તક કરવા પર સ્થગન આદેશ આપશે એટલું જ નહીં ત્યાં લાગુ કરવામાં આવેલ તમામ ગેરકાનુની કાયદાઓને પાછા લેશે સુપ્રીમ કોર્ટે જમ્મુ કાશ્મીરના વિશેષ રાજયના દરજજાનો સમાપ્ત કરવા અનો તેનો બે કેન્દ્ર શાસિત પ્રદોશમાં વિભાજીત કરવાના નિર્ણયની વિરૂધ્ધ દાખલ અનોક અરજીઓનો ઉનાળુ રજાઓ બાદ યાદીબધ્ધ કરવા પર સહમતિ વ્યકત કરી છે.આજ પૃષ્ઠભૂમિમાં પીડીપી અધ્યક્ષ મહેબુબાની પ્રતિક્રિયા આવી છે.કેન્દ્ર સરકારે ૫ ઓગષ્ટ ૨૦૧૯ના રોજ કલમ ૩૭૦ની જોગવાઓને સમાપ્ત કરી દીધી હતી

## વારાણસીમાં નમો ઘાટ તૈયાર, વડાપ્રધાન નરેન્દ્ર મોદી તાકિદે ઉદ્‌ઘાટન કરશે



વારાણસી,તા.૨૭

દેશ દુનિયાના પર્યટકો અને શ્રધ્ધાળુઓને પોતાની તરફ આકર્ષિત કરનાર ગંગા નદીના ઘાટોમાં હવે એક વધુ નવો ઘાટ સામેલ થઇ જશે.આ નવા ઘાટનું નામ ખિડકિયા ઘાટ છે પરંતુ તેને નમો ઘાટ પણ કહેવામાં આવી રહ્યો છે.સુત્રોનું કહેવુ છે કે વડાપ્રધાન નરેન્દ્ર મોદી તાકિદે આ ઘાટનું ઉદ્‌ઘાટન કરી શકે છે.ઘાટ પર ત્રણ જોડી હાથની અભિવાદન કરતી આકૃતિઓ બનાવવામાં આવી છે.

સૂર્યનું અભિવાદન અને ગંગાને પ્રણામ કરતા હાથોના ત્રણ શિલ્પોના કારણે આ ઘાટને લોકો નમો ઘાટ કહે છે ખિડકિયા ઘાટના પ્રથમ તબક્કાનું કામ સમાપ્તિ તરફ છે.તેના પર લગભગ ૩૪ કરોડ રૂપિયાનો ખર્ચ આવ્યો છે.આ ઘાટથી જળ માર્ગ અને વાયુ માર્ગને પણ જોડવામાં આવશે જેથી પર્યટક અન્ય શહેરો સુધી જઇ શકે.આધુનિકતાની સાથે તાલમેલ કરી ચાલતી કાશીના લગભગ ૮૪ ઘાટોની શ્રેણીમાં આ નવો ઘાટ લોકોના આકર્ષણનું કેન્દ્ર બનેલ છે.વારાણસી સ્માર્ટ સિટીના મુખ્ય મહાપ્રબંધક ડો ડી વાસુદેવને કહ્યું કે લગભગ ૨૧૦૦૦ વર્ગ મીટર ક્ષેત્રમાં બનેલ આ ઘાટનો ખર્ચ લગભગ ૩૪ કરોડ રૂપિયા છે.તેમણે કહ્યું કે આ લગભગ અડધો કિલોમીટર લાંબો છે અને તેનો પહેલો તબક્કા બની તૈયાર થઇ ગયો છે.તેમણે કહ્યું કે તેના નિર્માણમાં મેક ઇન ઇન્ડિયા પર વિશેષ ધ્યાન આપવામાં આવ્યું છે આ ઘાટ પર વોકલ ફોર લોકલ પણ જોવા મળશે શ્રધ્ધાળુઓ બનારસની સવાર જોયા બાદ અહીં સાંજે ગંગા આરતીમાં સામેલ થઇ શકશે અહીં ઓપન થિયેટર,લાઇબ્રેરી,બનારસી ખાન પાન માટે ફૂડ કોર્ટની વ્યવસ્થા છે અહીં એક બહુહેતુક પ્લેટફોર્મ પણ હશે જયાં હેલીકોપ્ટર ઉતરવાની સાથે જ વિવિધ કાર્યક્રમોનું આયોજન થઇ શકશે. વાસુદેવને કહ્યુયં કે અહીં શ્રધ્ધાળુ કાશી વિશ્વનાથ ધામ સુગમ દર્શનની ટિકિટ લઇ શકશે જેટીથી બોટ દ્વારા તે શ્રી કાશી વિશ્વનાથ ધામ જઇ શકશે. એન્જીનિયર ઇન્ડિયા લિમિટેડના પ્રબંધક દુર્ગેશે કહ્યું કે ઘાટના નિર્માણમાં જે સામગ્રીનો ઉપયોગ કરવામાં આવ્યા છે તેનાથી પુરમાં ઘાટ સુરક્ષિત રહેશે તેમણે કહ્યું કે જોવામાં ખિડકિયા ઘાટ જુના ઘાટની જેમ છે ત્યાં સુધી કે ગાડીઓ જઇ શકે છે અને ઘાટ પર જ વાહન માટે પાર્કિંગની વ્યવસ્થા છે.

## દેશમાં વીજ કટોકટીની સ્થિતિ, ૮૫ પાવર પ્લાન્ટમાં કોલસો ખતમ થવાના આરે!

નવીદિલ્હી,તા.૨૭

ઉનાળામાં ગરમીનો પારો ઉંચકાતા દેશમાં વીજ સંકટ ઘેરી બની રહ્યું છે. દેશમાં વીજળીની માંગ રેકોર્ડ સ્તરને પાર કરી ગઈ છે. હાલત એ છે કે ૮૫ પાવર પ્લાન્ટમાં કોલસો ખતમ થઈ રહ્યો છે. કાળઝાળ ગરમી વચ્ચે હવે દેશમાં વીજ સંકટની ભીતિ વર્તાવા લાગી છે. દેશમાં વીજળીની માંગ એટલી વધી ગઈ છે કે મંગળવારે વીજળીની માંગનો નવો રેકોર્ડ સર્જાયો હતો. મંગળવારે એક દિવસમાં વીજળીની સૌથી વધુ માંગ ૨૦૧.૦૬૬ ય્ઉ નોંધાઈ હતી.

દેશમાં વીજળીની માંગ એવી છે કે વીજળીની માંગનો નવો રેકોર્ડ સર્જાયો છે. અને તેણે ગત વર્ષનો રેકોર્ડ તોડ્યો. ગયા વર્ષે ૨૦૦.૫૩૯ ગીગાવોટની માંગ નોંધાઈ હતી જયારે આ વર્ષે ૨૦૧.૦૬૬ ગીગાવોટની માંગ નોંધાઈ છે. હજુ એપ્રિલ મહિનો પૂરો થયો નથી ત્યારે આ સ્થિતિ છે. મે અને જૂનમાં આ માંગ વધીને ૨૧૫-૨૨૦ જીડબ્લ્યુ થઈ શકે છે.

દેશભરના ૮૫ પાવર પ્લાન્ટમાં કોલસાની કટોકટી સર્જાઈ છે. જે આવનારા સમયમાં પાવર કટના રૂપમાં જોવા મળી શકે છે. દેશભરના થર્મલ પાવર પ્લાન્ટની ફરિયાદ છે કે રેલ રેકની અછતને કારણે કોલસો મેળવવામાં વિલંબ થઈ રહ્યો છે. આ બાબતે રેલવે પ્રવક્તા ગૌરવ બંસલનું કહેવું છે કે પહેલા ૩૦૦ રેક આપવામાં આવતા હતા, પછી કોલસા મંત્રાલયના કહેવા પર ૪૦૫ રેક આપવામાં આવ્યા હતા. હવે અમે ૪૧૫ રેક આપી રહ્યા છીએ જેના પર કોલસા મંત્રાલય સંમત છે. જો કોલસાના રેકને પાંચ દિવસ સુધી ડિટેઇન કરવામાં નહીં આવે અને ત્રણ દિવસ માટે રોકવામાં આવે તો અમે રેકને વધુ વધારી શકીએ છીએ.દેશભરના થર્મલ પાવર પ્લાન્ટમાં કોલસાનો સ્ટોક ફરી એકવાર ચર્ચામાં છે. કોલસાના અપૂરતા પરિવહનને કારણે આવું થયું હોવાનો આક્ષેપ કરવામાં આવી રહ્યો છે.

એવું કહેવાય છે કે યુપી પાસે માત્ર સાત દિવસનો સ્ટોક બચ્યો છે. હરિયાણામાં આઠ, રાજસ્થાન પાસે માત્ર ૧૭ દિવસનો કોલસો સ્ટોકમાં છે. આંધ્રપ્રદેશ, તમિલનાડુ, તેલંગાણા, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર, ગુજરાત, ઝારખંડ અને છત્તીસગઢમાં પણ આ જ સ્થિતિ છે. રેલ્વે પાસે રેકના અભાવે પણ સંકટમાં વધારો કર્યો છે.

## પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ૨-૪ મે દરમિયાન જર્મની, ડેનમાર્ક અને ફ્રાન્સની મુલાકાત લેશે

નવીદિલ્હી,તા.૨૭

દુનિયાભરમાં પોતાની વિદેશનીતિ માટે ખુબ જ જાણીતા છે ભારતના પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી. મોદીની કૂટનીતિઓના તો તેમના દુશ્મનો પણ કાયલ છે. હાલમાં પાડોશી દેશ પાકિસ્તાનમાં રાજકીય ઉથલપાથલ મચી ગઈ, ઈમરાન ખાન પાસેથી પ્રધાનમંત્રીની ખુરશી છીનવાઈ ગઈ. એ સમયે ઈમરાન ખાને પણ મોદીને યાદ કરીને કહ્યું હતુંકે, હાલ ભારતની સ્થિતિ ખુબ મજબુત છે. ભારત હાલ વૈશ્વિક સ્તરે પોતાની વિદેશનીતિને કારણે ખુબ સન્માન ધરાવે છે. ત્યારે એજ વિદેશનીતિને રાષ્ટ્રહિતમાં આગળ ધપાવવા પીએમ મોદી આ વર્ષના પહેલાં વિદેશ પ્રવાસની તૈયારીઓ કરી રહ્યાં છે. પીએમ મોદી આ વર્ષે સૌથી પહેલાં કયા દેશની મુલાકાતે જશે તે સવાલ તમારા મનમાં જરૂર આવ્યો હશે. તો જવાબ જાણવા માટે તમારે આ આર્ટિકલ વાંચવો પડશે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ૨-૪ મે દરમિયાન જર્મની, ડેનમાર્ક અને ફ્રાન્સની મુલાકાત લેશે. આ પ્રધાનમંત્રી મોદીની આ વર્ષની પહેલી વિદેશ યાત્રા હશે. બર્લિનમાં વડાપ્રધાન મોદી જર્મનીના ફેડરલ ચાન્સેલર ઓલાફ સ્કોલ્ઝ સાથે દ્વિપક્ષીય વાતચીત કરશે.

## પીએમ નરેન્દ્ર મોદીને ૧૦૦ જેટલા ભૂતપૂર્વ સરકારી અધિકારીઓએ 'નફરતનું રાજકારણ' બંધ કરવાની અપીલ કરી

નવીદિલ્હી,તા.૨૭

વડાપ્રધાન નરેન્દ્ર મોદીને ૧૦૦ જેટલા ભૂતપૂર્વ સરકારી અધિકારીઓએ 'નફરતનું રાજકારણ' બંધ કરવાની અપીલ કરવા વિનંતી કરી છે. તેમણે ભાજપની સરકારો દ્વારા આવી રાજનીતિ કરવામાં આવતી હોવાનો આરોપ મૂક્યો છે. વડાપ્રધાનને લખેલા એક જાહેર પત્રમાં ભૂતપૂર્વ સરકારી અમલદારોએ જણાવ્યું હતું કે, 'અમે દેશમાં હિંસા સાથે નફરતનો ઉન્માદ જોઇ રહ્યા છીએ.જેનો ભોગ મુસ્લિમો અને અન્ય લઘુમતી સમાજ ઉપરાંત, બંધારણ પણ બની રહ્યું છે. પત્ર પર હસ્તાક્ષર કરનારા ૧૦૮ અમલદારોમાં દિલ્હીના ભૂતપૂર્વ લેફ્ટેનેન્ટ નજીબ જંગ, ભૂતપૂર્વ રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર શિવશંકર મેનન, ભૂતપૂર્વ વિદેશ સચિવ સુજાતા સિંઘ, ભૂતપૂર્વ ગૃહ સચિવ જી કે પિલ્લાઇ અને ભૂતપૂર્વ વડાપ્રધાન મનમોહન સિંઘના મુખ્ય સચિવ ટી કે એ નાયર સામેલ છે.

પત્રમાં જણાવાયું હતું કે, 'ભૂતપૂર્વ સરકારી અમલદાર હોવાના નાતે સામાન્ય રીતે અમે આટલી કડક ભાષામાં અમારા વિચારો વ્યક્ત કરતા નથી, પણ બંધારણના સતત થઈ રહેલા ઉલ્લંઘનને કારણે અમને બોલવાની તેમજ રોષ અને માનસિક વેદના વ્યક્ત કરવાની ફરજ પડી છે. છેલ્લા કેટલાક વર્ષમાં લઘુમતી સમાજ અને ખાસ કરીને મુસ્લિમો સામે નફરત અને હિંસાના પ્રમાણમાં વૃદ્ધિ તેમજ આસામ, દિલ્હી, ગુજરાત, હરિયાણા, કર્ણાટક, મધ્યપ્રદેશ, ઉત્તર પ્રદેશ અને ઉત્તરાખંડ જેવા ભાજપના શાસન હેઠળના રાજ્યોમાં બનેલા બનાવોએ બિહામણું રૂપ ધારણ કર્યું છે.' તેમણે વધુમાં જણાવ્યું હતું કે, 'અમારા મત અનુસાર જોખમ અભૂતપૂર્વ છે અને માત્ર બંધારણ સામે જ ખતરો નથી. દેશના સામાજિક માળખા સામે પણ જોખમ ઊભું થયું છે. તે આપણો સૌથી મોટો વારસો છે અને આપણું બંધારણ તેને દરેક સ્થિતિમાં જાળવવાનું જણાવે છે. અત્યારે તે જોખમમાં જણાઈ રહ્યું છે.' પત્રમાં વડાપ્રધાનને જણાવાયું છે કે, 'આટલા મોટા સામાજિક જોખમ સામે તમારું મૌન આંચકાજનક છે.'

## તંત્રી સ્થાનેથી...

# ગેરકાયદે વસ્તીઓ

***સુપ્રીમ કોર્ટે દેશભરમા ઝડપથી વધી રહેલી ગેરકાયદેસર ઝૂંપડપટ્ટીઓને લઈને જે ચિંતા વ્યક્ત કરી, તેની સાથે અસહમત ન થઈ શકાય. સુપ્રીમે આ ગેરકાયદે વસવાટોને અટકાવવા માટે વ્યાપક કાર્યયોજના બનાવવાની જરૂરિયાત પણ વ્યક્ત કરી. નિઃસંદેહ તેની જરૂરિયાત છે, પરંતુ ખુદ તેના માટે પણ એ જરૂરી છે કે તે આ મામલે કોઈ સંતુલિત અને કારગત વલણ અપનાવે, કારણ કે ગત દિવસે જ તેની એક અન્ય પીઠે દિલ્હીમાં સરોજિની નગર વિસ્તારમાં લગભગ બસો ઝૂંપડાંને હટાવવાની પ્રસ્તાવિત કાર્યવાહી પર રોક લગાવી દીધી. એના પહેલાં તેણે રાજધાનીના જ એક અન્ય વિસ્તાર જહાંગીરપુરીમાં દબાણ વિરોધી કાર્યવાહી પર તાબડતોબ સ્ટે આપી દીધો હતો. ખબર નહીં, આ બધા મામલે સુપ્રીમ કોર્ટનો અંતિમ નિર્ણય કેવો હશે, પરંતુ તેની અવગણના ન કરી શકાય કે દેશમાં ગેરકાયદે વસ્તીઓ વધતી જ જાય છે. નિઃસંદેહ તેના માટે રાજ્ય સરકારો અને તેમના સ્થાનિક નિગમો જવાબદાર છે. તેઓપહેલાં સરકારી જમીનો પર દબાણ થવા દે છે, પછી જ્યારે-ત્યારે તેમને હટાવવાનું કામ પણ કરે છે. એવી કાર્યવાહી પણ યોગ્ય રીતે નથી થતી, તો ક્યારેક તે અદાલતી હસ્તક્ષેપનો શિકાર થઈ જાય છે. એ પણ જોવામાં આવે છે કે રહી-રહીને ગેરકાયદે વસ્તીઓ નિયમિત થવાનું કામ પણ થતું રહે છે. કેટલીય વાર એવું એટલા માટે કરવું પડે છે, કારણ કે એવી વસ્તીઓમાં મોટી સંખ્યામાં લોકો વસી જાય છે અને પછી તેમને વોટબેંક રૂપે જોવામાં આવે છે. વાસ્તવમાં એ કારણોનાં મૂળ સુધી જઈને તેનું યોગ્ય નિવારણ કરવાની જરૂર છે, જેને કારણે તમામ મોટા શહેરોમાં ગેરકાયદે વસ્તીઓ વધતી જાય છે.***

***એમ કરીને જ ભવિષ્યમાં ગેરકાયદે વસ્તીઓનું નિર્માણ રોકી શકાય છે. ગેરકાયદે વસ્તીઓ વસવાનું એક કારણ તો એ છે કે મોટાં શહેરોને વિસ્તારતી સમયે એ નથી જોવામાં આવતું કે શહેરોને સંચાલિત કરનારા મજૂરો અને કામદારો રહેશે ક્યાં? બીજું કારણ એ છે કે સ્થાનિક નિગમોના ભ્રષ્ટ કર્મીઓ ગેરકાયદે નિર્માણ થવા દે છે. હવે તો મોટાં શહેરોમાં ઝૂંપડપટ્ટી માફિયા પેદા થઈ ગયા છે. જેઓ ભ્રષ્ટ નેતાઓ અને અધિકારીઓના આશ્રયથી અતિક્રમણ કરાવે છે. ઝૂંપડપટ્ટી વસ્તીઓ શહેરી વિકાસને બદસૂરત કરવાની સાથે જ અન્ય કેટલીય ગંભીર સમસ્યાઓ પેદા કરી રહી છે. એ સ્વીકાર કરવો પડશે કે આપણા દેશમાં શહેરીકરણ બેફામ અને અનિયોજિત વિકાસનો પર્યાય બની ગયું છે. સ્થિતિ એ છે કે નિયોજિત આવાસીય વિસ્તારો વ્યાવસાયિક ઠેકાણાંમાં ફેરવાતા જાય છે. આ સમસ્યા ગંભીર છે તેથી એ સમજવું પડશે કે ફક્ત ચિંતા વ્યક્ત કરી લેવાથી કામ નહીં ચાલે, નહિ તો આપણાં શહેરો રહેવા લાયક નહીં રહે.***

### સોના-ચાંદીના વાયદાના ભાવમાં સામસામા રાહ: ક્રૂડ તેલમાં ઘટાડો

# કપાસ, કોટન, મેન્થા તેલના વાયદાના ભાવમાં સાર્વત્રિક સુધારાનો માહોલ: નેચરલ ગેસમાં નરમાઈ: બુલડેક્સ વાયદામાં ૧૧૬ પોઈન્ટની મૂવમેન્ટ

મુંબઈઃ

દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ અને ઈન્ડેક્સ ફ્યુચર્સમાં બુધવારે પ્રથમ સત્ર સુધીમાં ૧,૬૧,૧૦૯ સોદાઓમાં કુલ રૂ.૧૪,૩૧૫.૬૬ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કીમતી ધાતુઓના સૂચકાંક બુલડેક્સના મે વાયદામાં ૧૧૬ પોઈન્ટની મૂવમેન્ટ રહી હતી.

કીમતી ધાતુઓના વાયદાઓમાં સોના-ચાંદીમાં એમસીએક્સ પર ૭૩,૭૦૦ સોદાઓમાં કુલ રૂ.૫,૦૮૪.૫૦ કરોડનાં કામકાજ થયાં હતાં. સોનાના વાયદાઓમાં એમસીએક્સ સોનું જૂન વાયદો ૧૦ ગ્રામદીઠ સત્રની શરૂઆતમાં રૂ.૫૧,૫૪૫ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૫૧,૬૧૦ અને નીચામાં રૂ.૫૧,૨૦૦ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૧૪૬ ઘટી રૂ.૫૧,૪૩૮ના ભાવે પહોંચ્યો હતો. આ સામે ગોલ્ડ-ગિની એપ્રિલ કોન્ટ્રેક્ટ ૮ ગ્રામદીઠ રૂ.૧૪૨ વધી રૂ.૪૧,૬૮૪ અને ગોલ્ડ-પેટલ એપ્રિલ કોન્ટ્રેક્ટ ૧ ગ્રામદીઠ રૂ.૨ વધી રૂ.૫,૧૫૮ના ભાવે પહોંચ્યો હતો. સોનું-મિની મે વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૫૧,૬૯૩ના ભાવે ખૂલી, રૂ.૧૪૫ ઘટી રૂ.૫૧,૫૧૦ના સ્તરે પહોંચ્યો હતો.

ચાંદીના વાયદાઓમાં ચાંદી મે વાયદો ૧ કિલોદીઠ સત્રની શરૂઆતમાં રૂ.૬૪,૯૫૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૬૫,૧૯૯ અને નીચામાં રૂ.૬૪,૫૦૮ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ. ૧૫૧ વધી રૂ.૬૫,૧૧૯ ના સ્તરે બોલાઈ રહ્યો હતો. ચાંદી-મિની એપ્રિલ કોન્ટ્રેક્ટ રૂ. ૬ વધી રૂ.૬૫,૨૬૪ અને ચાંદી-માઈક્રો એપ્રિલ કોન્ટ્રેક્ટ રૂ.૧૩૬ ઘટી રૂ.૬૫,૧૦૪ બોલાઈ રહ્યો હતો.

બિનલોહ ધાતુઓના વાયદાઓમાં એમસીએક્સ ખાતે ૮,૯૫૯ સોદાઓમાં રૂ.૧,૬૭૯.૦૫ કરોડના વેપાર થયા હતા. એલ્યુમિનિયમ એપ્રિલ વાયદો ૧ કિલોદીઠ રૂ.૨.૦૫ વધી રૂ.૨૫૬.૨૦ અને જસત એપ્રિલ વાયદો રૂ.૦.૭૫ ઘટી રૂ.૩૬૪ના ભાવ થયા હતા. આ સામે તાંબુ એપ્રિલ કોન્ટ્રેક્ટ રૂ.૩.૦૫ વધી રૂ.૭૮૮.૮૦ અને ૦ કોન્ટ્રેક્ટ કોઈ ફેરફાર વગર રૂ. તેમ જ સીસું એપ્રિલ કોન્ટ્રેક્ટ રૂ.૦.૬૫ ઘટી રૂ.૧૮૪ના ભાવ થયા હતા.

એનર્જી સેગમેન્ટના વાયદાઓમાં એમસીએક્સ પર ૪૧,૧૨૦ સોદાઓમાં કુલ રૂ.૩,૬૯૭.૨૭ કરોડનો ધંધો થયો હતો. ક્રૂડ તેલ મે વાયદો સત્રની શરૂઆતમાં રૂ.૭,૮૫૧ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૭,૮૯૯ અને નીચામાં રૂ.૭,૭૮૪ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં ૧ બેરલદીઠ રૂ.૩૬ ઘટી રૂ.૭,૮૩૩ બોલાયો હતો, જ્યારે નેચરલ ગેસ મે વાયદો ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૦.૩૦ ઘટી રૂ.૫૪૪.૨૦ બોલાઈ રહ્યો હતો.

કૃષિ કોમોડિટીઝના વાયદાઓમાં એમસીએક્સ ખાતે ૧,૨૫૪ સોદાઓમાં રૂ.૧૪૭.૭૩ કરોડનાં કામકાજ થયા હતા. કપાસ એપ્રિલ વાયદો ૨૦ કિલોદીઠ રૂ.૨,૨૯૪.૫૦ બોલાઈ રહ્યો હતો. કોટન મે વાયદો ૧ ગાંસડીદીઠ રૂ.૪૪,૨૫૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૪૪,૬૦૦ અને નીચામાં રૂ.૪૪,૨૧૦ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૪૦૦ વધી રૂ.૪૪,૫૯૦ના સ્તરે પહોંચ્યો હતો. મેન્થા તેલના વાયદાઓમાં મે કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૫.૭૦ વધી રૂ.૧૦૬૬.૯૦ થયો હતો. કામકાજની દૃષ્ટિએ એમસીએક્સ પર કીમતી ધાતુઓમાં સોનાના વિવિધ વાયદાઓમાં ૧૪,૫૪૧ સોદાઓમાં રૂ.૨,૪૯૭.૩૨ કરોડનાં ૪,૮૫૩.૬૭૨ કિલો અને ચાદીના વિવિધ વાયદાઓમાં ૫૯,૧૫૯ સોદાઓમાં કુલ રૂ.૨,૫૮૭.૧૮ કરોડનાં ૩૯૫.૩૭૯ ટનના વેપાર થયા હતા. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલના વાયદાઓમાં ૧૭,૨૧૩ સોદાઓમાં રૂ.૧,૫૨૨.૬૦ કરોડનાં ૧૯,૪૩,૦૦૦ બેરલ અને નેચરલ ગેસના વાયદાઓમાં ૨૩,૯૦૭ સોદાઓમાં રૂ.૨,૧૭૫ કરોડનાં ૪૦૧૪૬૨૫૦ એમએમબીટીયૂનો ધંધો થયો હતો. કૃષિ કોમોડિટીઝમાં કોટનના વાયદાઓમાં ૧,૦૪૫ સોદાઓમાં રૂ.૧૩૮.૦૯ કરોડનાં ૩૧૨૫૦ ગાંસડી, મેન્થા તેલના વાયદાઓમાં ૨૦૬ સોદાઓમાં રૂ.૯.૫૦ કરોડનાં ૮૮.૯૨ ટનનાં કામકાજ થયાં હતાં.

ઓપન ઈન્ટરેસ્ટ પ્રથમ સત્રનાં અંતે એમસીએક્સ પર સોનાના વિવિધ વાયદાઓમાં ૧૯,૫૦૦.૬૨૩ કિલો અને ચાંદીના વિવિધ વાયદાઓમાં ૫૭૯.૦૦૧ ટન, ક્રૂડ તેલમાં ૬૦૦૧૦૦ બેરલ અને નેચરલ ગેસમાં ૮૧૬૫૦૦૦ એમએમબીટીયૂ તેમ જ કોટનમાં ૧૧૧૭૦૦ ગાંસડી, મેન્થા તેલમાં ૪૯૩.૫૬ ટનના સ્તરે રહ્યો હતો.

ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, એમસીએક્સ પર પ્રથમ સત્ર સુધીમાં ૬૩૮ સોદાઓમાં રૂ.૫૧.૨૦ કરોડનાં કામકાજ થયાં હતાં, જેમાં બુલડેક્સ વાયદામાં ૬૩૮ સોદાઓમાં રૂ.૫૧.૨૦ કરોડનાં ૬૯૦ લોટ્સ, ૦ વાયદામાં - રૂ. કરોડનાં - લોટ્સ અને - વાયદામાં - રૂ. કરોડનાં - લોટ્સના વેપાર થયા હતા. ઓપન ઈન્ટરેસ્ટ પ્રથમ સત્રનાં અંતે બુલડેક્સ વાયદામાં ૯૧૦ લોટ્સના સ્તરે રહ્યો હતો. બુલડેક્સ મે વાયદો ૧૪,૮૬૪ના સ્તરે ખૂલી, ૧૧૬ પોઈન્ટની મૂવમેન્ટ સાથે ૧૯ પોઈન્ટ ઘટી ૧૪,૮૫૭ના સ્તરે પહોંચ્યો હતો. ઓપ્શન્સની વાત કરીએ તો, કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં એમસીએક્સ પર ૩૫૪૩૮ સોદાઓમાં રૂ.૩,૬૫૫.૯૧ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. સોનું અને સોનું-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૩૧૭.૪૦ કરોડ, ચાંદી તથા ચાંદી-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૨૧.૭૩ કરોડનાં કામ થયાં હતાં. એનર્જી સેગમેન્ટના ઓપ્શન્સમાં ક્રૂડ તેલના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૨,૮૬૧.૮૮ કરોડ અને નેચરલ ગેસના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૪૫૪.૪૯ કરોડનાં કામકાજ થયાં હતાં. આ સામે ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ રૂ. ૧૩૩.૯૭ કરોડનું થયું હતું.

સૌથી વધુ સક્રિય કોન્ટ્રેક્ટ્સમાં સોનું-મિની મે રૂ.૫૨,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૫૫૫ ખૂલી, ઊપરમાં રૂ.૬૪૦ અને નીચામાં રૂ.૪૭૯ રહી, અંતે રૂ.૧૬.૫૦ વધી રૂ.૫૯૮ થયો હતો. જ્યારે ચાંદી જૂન રૂ.૬૫,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૨,૬૪૬.૫૦ ખૂલી, ઊપરમાં રૂ.૨,૬૪૬.૫૦ અને નીચામાં રૂ.૨,૨૬૪.૫૦ રહી, અંતે રૂ.૧૨૯.૫૦ ઘટી રૂ.૨,૪૯૨.૫૦ થયો હતો. ક્રૂડ તેલ મે રૂ.૮,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ બેરલદીઠ રૂ.૩૫૦ ખૂલી, ઊપરમાં રૂ.૩૮૪.૭૦ અને નીચામાં રૂ.૩૩૨.૮૦ રહી, અંતે રૂ.૮.૩૦ ઘટી રૂ.૩૫૬ થયો હતો.

આ સામે પુટ ઓપ્શન્સની વાત કરીએ તો સોનું-મિની મે રૂ.૫૨,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૯૯૦ ખૂલી, ઊપરમાં રૂ.૧,૨૭૧ અને નીચામાં રૂ.૯૫૧ રહી, અંતે રૂ.૧૮૦.૫૦ વધી રૂ.૧,૧૧૮ થયો હતો. જ્યારે ચાંદી-મિની જૂન રૂ.૬૫,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૧,૭૦૦ ખૂલી, ઊપરમાં રૂ.૧,૮૯૯ અને નીચામાં રૂ.૧,૬૦૦ રહી, અંતે રૂ.૨૫૨ વધી રૂ.૧,૭૬૪ થયો હતો. ક્રૂડ તેલ મે રૂ.૭,૫૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ બેરલદીઠ રૂ.૨૬૯ ખૂલી, ઊપરમાં રૂ.૨૮૫.૫૦ અને નીચામાં રૂ.૧૨૯.૯૦ રહી, અંતે રૂ.૧૨.૯૦ વધી રૂ.૨૭૦.૩૦ થયો હતો.

# ભાઈઓ તથા ભાઈઓ પૂરૂષોના માન સન્માનની રક્ષા કાજે મેરેજ સ્ટ્રાઈક પર ઉતરો-રાજુ રદીની હાકલ!!

"ગિરધરભાઇ.આ કેવા પ્રકારની સ્ટ્રાઇક છે?" રાજુ રદીએ મારા ઘરમાં પ્રવેશ કરતાં પૃચ્છા કરી.

" રાજુ એને પુતિન સ્ટ્રાઇક કહેવાય. પણ દોઢ મહિનો થયા છતાં કીડી જેવા સુકેનને પુતિન મસળી શકયા નથી ઝેલેન્સકીએ પુતિનની ઈમેજનો ફાલુદા કરી નાંખ્યો."

મેં રાજુને અપ ડેટ આપી. મને એમ કે રાજુ ઈમ્પ્રેસ થશે.

" મારા સવાલનો જવાબ આપોને ? રશિયાની મેથી માર્યા વગર" રાજુ ધણીયાણીની જેમ ધગી ગયો." રાજુ. એમાં એવું છે ને કે છેલ્લા બોલ સુધી લડવાની શેખી મારનાર ઈમરાને આંતરરાષ્ટ્રીય કક્ષાએ ભયંકર ફજેતી કરાવી. અવિશ્વાસનો પ્રસ્તાવ મતદાન વિના રદ કરાવવો, એસેમ્બલીનો ભંગ કરવી. ત્રાહિતને કાર્યવાહક પીએમ બનાવવો, સતા છોડવા શરત રાખવી, સ્પીકર/ ડેપ્યુટેશન સ્પીકરે અવિશ્વાસના પ્રસ્તાવ પર મતદાન કરાવવા ઇક્રાર કરવો. આ બધું પાકિસ્તાનમાં લોકશાહી નબળી છે તેનો સોલિડ પુરાવો છે." હું શંકરઅહસાનની જેમ બ્રેથલેસ બોલી ગયો.રાજુએ ડોળા કાતર્યા.

" ભૈ સાબ તોબા તોબા તમાશાથી તોબા. ભાભીને ધન્યવાદ છે કે તમને સહન કરે છે"રાજુ તોબરો ચડાવી ઉભો રહી ગયો.

" બોલ, રાજુ કંઇ સ્ટ્રાઇકની વાત કરતો હતો?"મેં રાજુના ખભે વાત કરી હળવેથી પૂછયું .

આજે છાપામાં મેરેજ સ્ટ્રાઇકનું કૈંક આવ્યું છે!! મને એ ન સમજાયું."રાજુએ માથું ખંજવાળતા પૂછયું.

" રાજુ. જે સ્ટ્રાઇક હું કરી શકુ તેમ નથી. તું હિંમત કરી શકુ તેન નથી તેને મેરેજ સ્ટ્રાઇક કહેવાય" મેં રાજુને કહ્યું.

" ગિરધરભાઇ.લોકો પોતાની માંગણી સંતોષવા હડતાળ કરે, ધરણા ધરે, દેખાવો કરે, સરકારના કે નેતાના પૂતળા બાળે.ઉપવાસ કરે. આંદોલન કરે. આમરણાંત ઉપવાસ કરે. હલ્લાબોલ કરે. આ સમાજમાં કુંવારાની કોઇ કિંમત નથી. સારા-માઠા પ્રસંગોએ કોઇ આમંત્રણ આપે નહીં. મકાન ભાડે આપે નહીં. કોઇ પૈસા આપીને જમાડે નહીં. કુંવારાની દશા ધોબીના કૂતરા જેવી ન ઘરના અને ઘાટના !!

જયારે કોઇ ઝઘડો થાય ત્યારે હાજર લોકો પુરુષને બદલે મહિલાનો પક્ષ લે. મહિલા તો મહિલા તો મહિલાનો પક્ષ લે પણ પુરૂષો પણ પૂરૂષોનો પક્ષ લેવાના બદલે પાટલી બદલું નેતાની જેમ મહિલાનો પક્ષ લે છે.વાસ્તવમાં પૂરૂષો સ્ત્રીઓને અન્યાય કરતા નથી પણ સ્ત્રીઓ જ સ્ત્રીઓને અન્યાય કરેછે. ગૃહ કંકાસનું મૂળ ક્યારેય પૂરૂષો નહીં પણ સ્ત્રીઓ છે!! સ્ત્રીને નણંદ, ભાભી, દેરાણી, જેઠાણી,સાસુ,ફઇ, કાકી વેવાણ નડે છે." રાજુએ ઇતિહાસ ખંગાળ્યો.

" રાજુ.પૂરૂષ સ્ત્રીઓનો ત્રાસ સહન કરે છે. ઉડતા વેલણ,ચિપિયા કે તાવીથાનો માર સહન કરે છે.તેમ છતાં તેની સામે ગુનો નોંધાય છે. અટકાયત કરવામાં આવે છે.દંડ કે સજા કરવામાં આવે છે.પત્ની અત્યાચાર વિરોધી મોરચા ખોલવામાં આવે છે. ૫૬ ઇંચની છાતીવાળા પત્નીનો ત્યાગ કરે છે!!

વિવાહને લગતા કાયદા સ્ત્રીઓની એક તરફેણમાં હોય છે તેને પગલે પુરુષો પોતાના ઉપર મહિલાઓ દ્વારા થતા અત્યાચાર અંગે જાહેરમાં આવતા સંકોચ અનુભવે છે અને આપઘાત જેવા પગલાં ભરે છે. ભારતમાં ૨૦૨૦માં કુલ ૧.૫૩ લાખ આત્મહત્યાઓ પૈકી ૧.૦૮ લાખ આત્મહત્યાઓ પુરુષોની હતી . હૈદરાબાદમાં ૧૬ અને ૧૭ એપ્રિલના રોજ યોજાનાર સંમેલનમાં ગુજરાતમાંથી ૨૫ અને દેશમાંથી ૩૫૦થી વધુ પુરુષો હાજર રહેશે. તેમનો ઉદેશ પુરુષોના અધિકાર માટેની ક્રાંતિનો ફેલાવો કરવો અને તેનું પ્લાનિંગ કરવું, પુરુષોને ન્યાય અપાવવો, લગ્નથી દૂર રહેવું અથવા રાજકારણી નેતાઓને એકતરફી કાયદા બદલવા માટે ભાર મૂકવો છે.

ભારતમાં ૩.૫ કરોડ પુરુષો ઘરેલુ હિંસાના શિકાર બન્યા છે.વર્ષે ૭ લાખથી વધારે વિવાહ તૂટી રહ્યા છે. આ સમસ્યાને લીધે દર વર્ષે ૨ લાખ બાળકો પિતાનો સંપર્ક ગુમાવી રહ્યાં છે. નવેમ્બરમાં શરૂ થયેલા સોશિયલ મીડિયાના કેમ્પેન 'મેરેજ સ્ટ્રાઇક' પર ૧.૩૫ લાખ લોકોએ કામ કર્યું છે અને સહમત થયા છે. આ અંગેના કોક્લેવમાં ૩૫૦ લોકો હાજર રહેશે. વૈવાહિક કાયદા એક તરફી સ્ત્રીઓ રક્ષણ કરતા હોવાને પગલે કૌટુંબિક વ્યવસ્થા અને ભારતીય કલ્ચર ખોરવાઈ રહ્યું છે તબક્કાવાર પુરુષ જાતિ વિનાશ તરફ જઈ રહી છે.

પીડિત પૂરૂષો સન્માન માંગી રહ્યા છે.તેઓ સમાનતા અને સ્વતંત્રતાના બંધારણીય હક પુરુષ અને સ્ત્રીને સમાન મળવા જોઈએ તેવી માંગણી કરી રહ્યા છે.ટૂંકા લગ્નજીવનમાં જિંદગીભરની ખોરાકી આપવાથી પુરુષનું સ્વાતંત્ર્ય નષ્ટ થાય છે તેમાં બદલાવ.

કોર્ટ કેસ લડી રહ્યા હોય તેવા એન.આર.આઈ પુરુષો માટે સ્પેશિયલ કોર્ટ બનાવવામાં આવે.ઘરેલુ હિંસા કાયદામાં બદલાવ કરીને આવી રહેલા પુરુષોનું રક્ષણ કરવામાં આવે.છૂટાછેડા લેતા પતિ-પત્નીનાં બાળકો માટે શેડે પેરેન્ટિંગ વ્યવસ્થા શરૂ કરવી જોઇએ.ખોટા પોસ્કો કેસ કરનાર લોકો વકીલો અને પોલીસ પર દંડ અને સજા થવી જોઈએ." મેં વિગતવાર માહિતી આપી.

રાજુ રદીએ જોશભેર હાકલ કરી કે જોઇ શું રહ્યા છો? પૂરૂષોની અસ્મિતા અને આબરુંનો પ્રશ્ન છે. કોઇ વેવલાવેડા કે વિતંડાવેડાનહીં. નક્કર કામગીરી જોઇએ.જો આ વખતે ઝૂકી જશો તો કાયમી ઝૂકવું પડશે. કુંવારા લોકો લગ્નના લાકડાના લાડુથી દૂર રહો. તમારે ગુલામી સિવાય કાંઇ ગુમાવવાનું નથી. તમારા માન સન્માન આત્મરક્ષણ માટે મેરેજસ્ટ્રાઇકમાં જોડાઇ જાવ. આવાજ દો હમ એક હૈ. એક દો તીન ચાર. ગુલામીની જંજીર તોડ દો !!

ભરત વૈષ્ણવ

---------------------

જીવંત મરી રહી છે

મુંબાઇની શેઠાણી જેમ,
ચારેકોરથી ફૂલીફાલી.
ઉકરડાનું ઉદાહરણ ટાંકવાથી,
સુજ્ઞજનો ભીંડાના ફોડવા જેવા,
નાકનું ટીચકું ચડાવશે!
કર્કશા સ્ત્રીના અકર્ણપ્રિયવચનો જેવો,
ઘેરો લીલો મઝહબી રંગ,
પતંગિયા જેવો મસ્ત પીળો રંગ ,
વસંતમાં તો મંથરા મેનકા ભાસે!!
પાનખરમાં સંકોચાઇ જેમ,
સ્ત્રીઓને આદતવશ ,
ગાલ પર શરમના શેરડા ધસે છે.
એની પાસે સાચવવા જેવું શું છે?
એની પાસે છીનવવા જેવું શું છે?
ગુલાબ જેવું સૌંદર્ય હોય તો સમજ્યા!
આના ફૂલ કોઇ રૂપસામ્રાજ્ઞી અંબોડે ઘાલવાની છે?
બિલીના છોડ જેવા હકારાત્મક કાંટા હોય તો સમજ્યા!
ગુમાન મીણબત્તીના મીણની જેમ ગળવા વાગ્યું
કાંટાઓ, પાંદડા પર મરણછાયા મંજરીના માંડી!!
લજામણીને અડકીએ કે,
લજામણી લજવાઈ જાય!
દોકડાને અટકીએ કે,
ગૂંચળું વળી જાય!
સૂકા ધુમ્મસ જેવી છાયામાં જકડાઇ ગઇ.
છોડને નાભિશ્વાસ પર છે એમ કહી શકાય.
પેલી ગુમાની ભોરીંગડી
મૂળશ્વાસે જીવંત મરી રહી છે!!!

ભરત વૈષ્ણવ..

### સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીશ્રીનીકચેરી, અમદાવાદ (ગ્રામ્ય)

# બાવળા દ્વારા પસંદગીના નંબર મેળવવા ઈચ્છતા વાહનમાલિકો માટે યોજાશે ઈ-ઓક્શન

સહાયક પ્રાદેશિક વાહનવ્યવહાર અધિકારીશ્રીનીકચેરી, અમદાવાદ (ગ્રામ્ય) બાવળા દ્વારા વાહનચાલકોની સગવડતા અર્થે પસંદગીના નંબરોની ફાળવણી માટે ઑનલાઈન ઈ-ઑક્શન કરવામાં આવશે. જેમાં ભાગ લેવા ઈચ્છુક વાહનમાલિકોએ આગામી તા. ૦૪ મે ૨૦૨૨ થી ૦૬ મે ૨૦૨૨ સુધીમાં ઑનલાઈન એપ્લિકેશન કરી નિયત રકમ ચૂકવવાની રહેશે.

મોટર સાઈકલની સીરીઝ GJ38–AA, GJ38–AB, GJ38–AC, GJ38–AD, GJ38–AE, GJ38–AG, GJ38–AHઅને એલ.એમ.વી. કાર GJ38–B, GJ38–BA, GJ38–BB, GJ38–BC, GJ38–BDનું રી-ઑક્શન શરૂ કરવામાં આવનાર છે. આ ઈ-ઑક્શનમાં ભાગ લઈ પસંદગીનો નંબર મેળવવા ઈચ્છતા વાહનમાલિકોએ તેમના વાહનનું રજીસ્ટ્રેશન કરાવી http://parivahan.gov.in/parivahan/પર આગામી તા. ૦૪ મે ૨૦૨૨ થી ૦૬ મે ૨૦૨૨ સુધીમાં ઑનલાઈન રજીસ્ટ્રેશન કરાવી બેઈઝ રકમનું પેમેન્ટ કરવાનું રહેશે. ત્યારબાદ તા. ૦૭ મે૨૦૨૨ અને ૦૮ મે ૨૦૨૨ના રોજ ઈ-ઑક્શનનું બિડિંગ યોજાશે અને ઈ-ઓક્શનનું પરિણામ તા. ૦૯ મે ૨૦૨૨ ના રોજ યોજાશે.

ફેન્સી નંબર મેળવવા ઈચ્છુક અરજદારોએ http://parivahan.gov.in/parivahan/વેબસાઈટ પર જઈ સેલ ઈન્વોઈસની તારીખ અથવા વિમાની તારીખ એ બેમાંથી જે વહેલું હશે તે તારીખ થી સાત દિવસમાં સી.એન.એ. ફોર્મ ભરવાનો રહેશે. અરજી કરેલ હોય તેવા જ અરજદારો વાહનના સેલ લેટરમાં દર્શાવેલ વેચાણ તારીખથી ૬૦ દિવસના અંદર હરાજીમાં ભાગ લેવા અરજી કરી શકશે. નિયત સમય બહારની અરજીઓ રદ કરવામાં આવશે.

જો અરજદારએ હરાજીની પ્રકિયા પૂર્ણ થયાના પાંચ દિવસ સુધીમાં બીડની રકમના નાણાં જમા કરાવવાના રહેશે. આ સમયમર્યાદામાં નાણાં ચુકવવામાં નિષ્ફળ જશે તો મૂળ ભરેલી રકમ જપ્ત કરી ફરીવાર હરાજી કરવામાં આવશે.

અસફળ અરજદારને રીફંડ હાલની મેન્યુઅલ પદ્ધતિ પ્રમાણે નાણાં પરત કરવાના હોવાથી જે રીતે ચૂકવાનું કર્યું હોય તે જ રીતે થી અરજદારના તે જ ખાતામાં નાણાં પરત કરવામાં આવશે.

### ૪ રાજ્યોમાં નક્સલવાદી હુમલો થવાની શક્યતા, કેન્દ્રીય ગુપ્તચર વિભાગનો દાવો

નવીદિલ્હી,તા.૨૭

કેન્દ્રીય ગુપ્તચર વિભાગે નક્સલી હુમલાને લઈને એલર્ટ જાહેર કર્યું છે. કહેવામાં આવી રહ્યું છે કે આગામી બે સપ્તાહ દરમિયાન નક્સલવાદી સંગઠનો ૪ રાજ્યોમાં મોટો હુમલો કરી શકે છે. ઝારખંડ, બિહાર, ઓરિસ્સા અને પશ્ચિમ બંગાળ આ રાજ્યો માટે એલર્ટ જારી કરવામાં આવ્યું છે. ઈન્ટેલિજન્સ સૂત્રોના જણાવ્યા અનુસાર નક્સલવાદી હુમલા સાથે સંબંધિત ઈનપુટ આ ચાર રાજ્યો સાથે શેર કરવામાં આવ્યા છે. મામલાની ગંભીરતાને જોતા ચારેય રાજ્યોના પોલીસ પ્રશાસને આગળની રણનીતિ બનાવવાનું શરૂ કરી દીધું છે.એવું કહેવામાં આવી રહ્યું છે કે તાજેતરના દિવસોમાં રાજ્ય પોલીસ દળો અને કેન્દ્રીય અર્ધલશ્કરી દળોએ નક્સલવાદીઓ વિરુદ્ધ મોટું ઓપરેશન ચલાવ્યું છે. જેના કારણે મોટી સંખ્યામાં નક્સલવાદીઓએ આત્મસમર્પણ કર્યું છે. સામૂહિક ધરપકડ પણ કરવામાં આવી છે. એટલા માટે નક્સલવાદીઓમાં ગુસ્સો છે અને તેઓ કોઈ મોટા હુમલાની તૈયારીમાં છે.

# મુસ્લિમ પર્સનલ લો બોર્ડે યુનિફોર્મ સિવિલ કોડ લાગુ કરવાની તૈયારીઓનો વિરોધ કર્યો

નવીદિલ્હી,તા.૨૭

દેશમાં યુનિફોર્મ સિવિલ કોડ લાગુ કરવાની કેન્દ્ર સરકારની તૈયારીઓ વચ્ચે મુસ્લિમ પર્સનલ લો બોર્ડનું મોટું નિવેદન આવ્યું છે. બોર્ડે તેનો વિરોધ કર્યો છે અને તેને બંધારણ અને લઘુમતીઓ વિરુદ્ધ ગણાવ્યું છે. મોંઘવારી, અર્થવ્યવસ્થા અને વધતી બેરોજગારીથી લોકોનું ધ્યાન હટાવવા માટે સરકાર આ મામલો સામે લાવી છે.

કેન્દ્ર સરકારની સાથે સાથે ઉત્તરાખંડ અને ઉત્તર પ્રદેશ સરકારોએ પણ સમાન નાગરિક સંહિતા લાગુ કરવાનો ઈરાદો વ્યક્ત કર્યો છે. મુસ્લિમ પર્સનલ લો બોર્ડના જનરલ સેક્રેટરી હઝરત મૌલાના સૈફુલ્લા રહેમાનીએ એક નિવેદન જારી કરીને સખત વિરોધ વ્યક્ત કર્યો હતો. તેમણે કહ્યું કે ભારતના બંધારણમાં દેશના દરેક નાગરિકને તેના ધર્મના આધારે જીવવાની સ્વતંત્રતા આપવામાં આવી છે અને તે મૂળભૂત અધિકારોમાં પણ સામેલ છે.રહેમાનીએ કહ્યું કે બંધારણમાં લઘુમતી અને આદિવાસી જાતિઓને તેમની ઈચ્છા અને પરંપરા અનુસાર અલગ-અલગ વ્યક્તિગત કાયદા બનાવવાની છૂટ આપવામાં આવી છે. આ બહુમતી અને લઘુમતીઓ વચ્ચે પરસ્પર એકતા અને પરસ્પર વિશ્વાસ જાળવવામાં મદદ કરે છે.

બોર્ડે પોતાના નિવેદનમાં કહ્યું છે કે ઉત્તરાખંડ અને ઉત્તર પ્રદેશ અને કેન્દ્ર સરકારો દ્વારા સમાન નાગરિક સંહિતા લાગુ કરવાનો રોષ એ બીજું કંઈ નથી પરંતુ દેશના લોકોનું ધ્યાન મોંઘવારી, બેરોજગારી, ઘટી રહેલી અર્થવ્યવસ્થા પરથી હટાવવાનો પ્રયાસ છે. નફરતનો એજન્ડા. બોર્ડે કહ્યું કે તે સરકારને અપીલ કરે છે કે આવી કાર્યવાહીથી દૂર રહે. નોંધનીય છે કે ઉત્તરાખંડના સીએમ પુષ્કર સિંહ ધામીએ કહ્યું છે કે યુનિફોર્મ સિવિલ કોડ (યુસીસી) તૈયાર કરવા માટે એક ઉચ્ચ સત્તાવાળી સમિતિની રચના કરવામાં આવશે, જે તેનો ડ્રાફ્ટ તૈયાર કરશે. હિમાચલના મુખ્યમંત્રી જયરામ ઠાકુરે પણ સોમવારે કહ્યું હતું કે રાજયમાં ેઝઝના અમલીકરણનું પરીક્ષણ કરવામાં આવી રહ્યું છે. યુનિફોર્મ સિવિલ કોડ એ ભારતમાં નાગરિકોના અંગત કાયદાઓ બનાવવા અને લાગુ કરવાનો પ્રસ્તાવ છે. આમાં દેશના તમામ નાગરિકોને તેમના ધર્મ અને લિંગના આધારે ભેદભાવ કર્યા વિના સમાન રીતે લાગુ કરવાની યોજના છે. હાલમાં વિવિધ સમુદાયોના અંગત કાયદાઓ તેમના ધાર્મિક ગ્રંથો અનુસાર સંચાલિત થાય છે. યુનિફોર્મ સિવિલ કોડ બંધારણની કલમ ૪૪ હેઠળ આવે છે. કહેવામાં આવ્યું છે કે દેશમાં નાગરિકો માટે સમાન નાગરિક સંહિતા બનાવવાના પ્રયાસો કરવામાં આવશે. ભાજપ લાંબા સમયથી આની માંગ કરી રહ્યું છે. તે તેમના ૨૦૧૯ના ચૂંટણી ઢંઢેરાના એક ભાગ પણ છે.

# દહેજનું દૂષણ.

આજકાલ મોટાભાગનાં મુખ્ય ગુજરાતી અખબારોમાં દહેજ ન લાવવાને કારણે કે ઓછું લાવવાનું ઓઠું લઈ પત્નિઓને મારઝૂડ કરવાના, કાઢી મૂકવાના, તરછોડી દેવાના કે જીવતી સળગાવી દેવાનાં સમાચાર વાંચી હૈયું કકળી ઉઠે છે. ગામડાઓમાં તો આ દૂષણ વર્ષોથી ઘર કરી ગયું છે, પરંતુ હવે તો મોટા શહેરોમાં પણ આ દૂષણે પગપેસારો કર્યો છે. અભણ કે નિરક્ષર લોકો તો આ સામાજિક કોચલામાંથી બહાર આવી શકતાં નથી, પરંતુ ઉચ્ચ શિક્ષિત વર્ગ પણ આમાંથી બાકાત નથી. ભારતના અમુક રાજ્યોમાં તો આ દહેજ નામના દાનવે એવો ભરડો લીધો છે કે, છોકરીના માવતરે છોકરાવાળાને ફરજીયાત દહેજ, પહેરામણી કે દાયજો આપવો જ પડે છે, નહી તો લગ્નનાં માંડવેથી છોકરાવાળા બારાત પાછી વાળી કન્યાવાળા પક્ષને ઘૂંટણિયે પાડવા મજબૂર કરે છે. દહેજ ચૂકવવાની લ્હાયમાં છોકરીનાં પિતાને દેવું કરવાના, લોન લેવાના, જમીન જાયદાદ વેચી દેવાના કે ગિરવી મૂકવાના સંજોગો ઉભા થાય છે. દહેજના ખપ્પરમાં કેટલીય કોડભરી કન્યાઓનાં જીવતર રોળાય છે. લોકો સામાન્ય લોજિક ચલાવતાં નથી કે દહેજનો પૈસો આખી જિંદગી ચાલવાનો નથી, પરંતુ એક ગરીબ પણ ખાનદાન છોકરી પોતાના સંસ્કારો થકી સાસરવેલની શોભા વધારે છે. જેમજેમ જમાનો બદલાય તેમ તેમ લોકોએ જૂની પ્રથા, કુરિવાજો, જૂની રીત રસમો વિગેરેનાં ઢાંચામાંથી બહાર આવી દરેકને અનુકૂળ આવે એવા રીતરિવાજો બનાવી, આ દહેજ નામના દૂષણને હંમેશને માટે દૂર કરી દેવો જોઈએ. જો હજૂ પણ આ દૂષણને નાથવામાં નહી આવે તો કેટલીય નિર્દોષ કન્યાઓના જીવની બાજી દાવ ઊપર લાગશે અને સમાજ મૂંગા મોંઢે આ અન્યાય અને અત્યાચાર સહેતો રહેશે.

યોગેશભાઈ આર જોષી
હાલોલ: ૩૮૯ ૩૫૦, જી.પંચમહાલ

## પ્રાદેશિક વાહનવ્યવહાર કચેરી, અમદાવાદ દ્વારા પસંદગીના નંબર મેળવવા ઈચ્છતા વાહનમાલિકો માટે યોજાશે ઈ-ઑક્શન

પ્રાદેશિક વાહનવ્યવહાર કચેરી, અમદાવાદ દ્વારા વાહનચાલકોની સગવડતા અર્થે પસંદગીનાનંબરોની ફાળવણી માટે ઑનલાઈન ઈ-ઑક્શન કરવામાં આવશે. જેમાં ભાગ લેવા ઈચ્છુકવાહનમાલિકોએ આગામી તા. ૦૪મે ૨૦૨૨થી૦૬ મે ૨૦૨૨ સુધીમાંઑનલાઈન એપ્લિકેશન કરી નિયત રકમ ચૂકવવાનીરહેશે.

એ લ . એ મ . વી . કારમાંઅગાઉની સીરીઝમાં બાકી રહેલ ગોલ્ડન-સિલ્વર નંબરોનુંઈ-ઑક્શનમાટે શરૂ કરવામાં આવનાર છે. આ ઈ-ઑક્શનમાં ભાગ લઈ પસંદગીનો નંબર મેળવવા ઈચ્છતાવાહનમાલિકોએ તેમના વાહનનું રજીસ્ટ્રેશન કરાવી http://vahan.parivahan.gov.in/fancyપર આગામી તા. ૦૪મે ૨૦૨૨થી૦૬ મે ૨૦૨૨ સુધીમાંઑનલાઈન રજીસ્ટ્રેશન કરાવી બેઈઝ રકમનું પેમેન્ટ કરવાનુંરહેશે. ત્યારબાદ તા. ૦૭ અને ૦૮મે ૨૦૨૨ ના રોજ ઈ-ઑક્શનનું બિડિંગ યોજાશે.

ફેન્સી નંબર મેળવવા ઈચ્છુક અરજદારોએ http://vahan.parivahan.gov.in/fancy વેબસાઈટપર જઈ સેલ ઈન્વોઈસની તારીખ અથવા વિમાની તારીખ એ બે માંથી જે વહેલું હશે તે તારીખથીસાત દિવસમાં અરજી કરી દેવાની રહેશે. અરજી કરેલ હોયતેવા જ અરજદારો વાહનના સેલ લેટરમાં દર્શાવેલ વેચાણ તારીખથી ૯૦ દિવસના અંદર હરાજીમાં ભાગલેવા અરજી કરી શકશે. નિયત સમય બહારની અરજીઓ રદ કરવામાં આવશે.

જો અરજદારએ હરાજીની પ્રકિયા પૂર્ણ થયાના પાંચ દિવસ સુધીમાં બીડનીરકમના નાણાં જમા કરાવવાના રહેશે. આ સમયમર્યાદામાં નાણાં ચુકવવામાં નિષ્ફળ જશે તો મૂળ ભરેલી રકમ જપ્ત કરી ફરીવાર હરાજી કરવામાં આવશે.

અસફળ અરજદારને રીફંડ હાલની મેન્યુઅલ પદ્ધતિ પ્રમાણે નાણાં પરત કરવાના હોવાથી જે રીતે ચૂકવાનું કર્યું હોય તે જ Mode થી અરજદારના તે જ ખાતામાં નાણાં પરત કરવામાં આવશે.



ન્યૂઝ ઑફ ગાંધીનગર.

# ન્યૂઝ ઑફ ગાંધીનગર દૈનિક
# સાહિત્ય સરિતા-આયોજક : પ્રદીપ રાવલ




**N.O.G.SS. NO- 0026**
વિષય - બિન્દાસ.
વિભાગ - પદ્ય. (ગઝલ)
શીર્ષક- કોણ શિખવશે?

લ્હેર પર સાગરની તું બિન્દાસ ફર.
કાં પછી તોફાનમાં ડૂબીને મર.
પ્રેમ છે તો ત્યાં પરીક્ષા પણ હશે,
તું □દયમાંથી સદંતર કાઢ ડર!
આંખ મારી બોલતી, સૂણજે કદી,
મૌનનાં રણકાર પર તું ધ્યાન ધર!
ના ખીલે પંકજ ખરેખર એમ તો!
કીચ માં તો મૂળનાં ડૂબ્યાં વગર?
શિખજે બિન્દાસ ભાષા મૌનની,
કોણ શિખવશે તને " મૌનુ" વગર?

અંજના ગાંધી " મૌનુ", વડોદરા

**NOG SS No-0109**
શિર્ષક :-બિન્દાસ છું.
પ્રકાર:-પદ્ય

બિન્દાસ છું.
જિંદગી છે જિંદાદિલ બિન્દાસ છું,
વ્હેતુ ઝરણું છે આ દિલ બિન્દાસ છું.
બદનામ કરે કોઈ ને કોઈ નામ તારે,
વાત બધી રહી દિલ બિન્દાસ છું.
પ્રેમ તો વટથી કર્યો જમાને હરદિલ,
કોઈ શક કરે દિલ બિન્દાસ છું.
ફેંકનાર ઉભા પથ્થરો હાથ ઝાલી,
સ્હેજે પરવા ન દિલ બિન્દાસ છું.
આવડે એવું ગાતો ફરું લૈ ફકિરી,
સભા વચ્ચે સજાવું દિલ બિન્દાસ છું.
કોઈ ના'વે તો ક્યાં કહું મેફિલ મારી,
જામ છે છલોછલ દિલ બિન્દાસ છું.
પ્રેમથી અમને કોક જોશે જગ "મહેક",
બસ જીવી ગયો દિલ બિન્દાસ છું.

બાબુ સંગાડા"મહેક", હાલોલ

---

**[NOG SS No : 0092**
પ્રકાર:-પદ્ય
શિર્ષક :- આશ છું, બિન્દાસ છું

પોતાના દમ પર ઝળકતો શ્વાસ છું,
લાખ નિરાશાઓની વચ્ચે એક આશ છું.
બંધનોથી દૂર રેલાતો પ્રકાશ છું,
લોક કહે છે હું સાચે જ બિન્દાસ છું.
કાલની ક્યાં ફિકર છે મને ?
ના ડર સતાવે છે કોઈ આજનો.
ભૂતકાળના ભૂતનો ઉપહાસ છું,
હા! છોકરી હું થોડીક બિન્દાસ છું.
કરું છું પતંગિયાથી દોસ્તી,
વહી જાઉં છું સરિતા સાથે ખળખળ.
પહેરું પવનની પાયલ કારણ કે ખાસ છું,
થોડીક નફિકરી ને થોડીક બિન્દાસ છું.
ના ટીકાઓની પરવાહ મને,
ના પોરસાવે ગડગડતી તાળીઓ.
પોતાના જ નશામાં હું બદહવાશ છું,
ક્યારેક અલ્લડ તો ક્યારેક બિન્દાસ છું.
શરતોમાં ના ક્યારેય બંધાઉ છું,
ના નિયમોમાં અકળાઉ છું.
આગવી જીવનશૈલીનો આગાસ છું,
મનમોજીલી ને બિન્દાસ છું.
ગમતા રીતિ- રિવાજો પાળુ છું,
હોઠ હસતા હોય ને અશ્રુ ખાળુ છું.
હું ભગ્ન □દયખંડેરમાં ઉગેલ વિશ્વાસ છું,
સાચે જ નટખટ, જીંદાદિલ ને બિન્દાસ છું.

અલકા નવિનચંદ્ર મહેતા,ગાંધીનગર..

---

**N.O.G. S.S. No. 0102.**
નામઃ- રતીલાલ વાયડા
વિષયઃ- બિન્દાસ.
પ્રકારઃ- ગદ્ય.
શીર્ષકઃ-બિન્દાસ છું .
રચનાઃ-

બિન્દાસ એટલે મુક્ત મને વિહાર કરવો આવો સામાન્ય અર્થ થઈ શકે .ઘણા વર્ષો પહેલાં હિપ્પી લોકો પોતે નિજાનંદમાં મસ્ત રહેતા હતા. આજે અઘોરીઓ અને બીજા ઘણા બધા લોકો પોતે બિન્દાસ રીતે જીવતા હોય છે. ચિત્ર-વિચિત્ર પહેરવેશ નશો કરવો મસ્તી માં રહેવું, કોઈ બંધન નહીં.

સામાન્ય રીતે સામાજીક જીવનને હરકત ન કરે તે પ્રકારે વર્તન કરી અને ઘણા લોકો બિન્દાસ રીતે પોતાનું જીવન વિતાવે છે .જ્યારે કેટલાક લોકો સમાજમાં ભારે મુશ્કેલીઓ પેદા કરે છે.

આવા ધૂની લોકો પોતાના કામમાં ખૂબ નિષ્ણાત હોય છે .પોતાની પ્રવૃત્તિ માં જ આનંદ લેશે. તેને બાકી દુનિયા સાથે ઝાઝો મતલબ નથી .એટલું જ નહીં પણ લોકો તેને માટે શું કહેશે તેની પણ તેઓ કોઈ પરવા કરતા નથી.

સામાન્ય માનવી આ પ્રકારનું વર્તન કરી શકતો નથી કારણ કે તેના ઉપર ઘણી સામાજીક જવાબદારીઓ હોય છે, અને તેને આવું કરવું પોસાય પણ નહીં.

હતા મીરાં હતા નરસિંહ ખરા પ્રેમી ખરા સુરા.આવા ખરેખર પ્રેમમાં રંગાઈ જનારા આ દુનિયામાં કેટલા? કેટલા લોકો પ્રેમ અને વિશ્વાસ માં દગા ના ભોગ બને છે?વાસ્તવિકતાનું ભાન થતા તેણે ઘણું બધું ગુમાવી દીધેલું હોય છે. માટે બિન્દાસ બનતા પહેલાં ચકાસણી કરવી જરૂરી છે. છમતાને ધ્યાનમાં રાખી અને આગળ વધવું.

રતીલાલ વાયડા,નવી મુંબઈ,

## ગુજરાતમાં ૫ દિવસ હીટવેવની આગાહી, અમદાવાદ-વડોદરા ૪૪ ડિગ્રીને પાર થવાની સંભાવના

અમદાવાદ,તા.૨૭

સમગ્ર રાજયમાં અત્યંત ભીષણ ગરમી પડી રહી છે અને આગામી પાંચ દિવસ સુધી હીટવેવ ચાલુ રહેવાની આગાહી છે એ દરમિયાન અમદાવાદ, રાજકોટ, વડોદરામાં આગામી ૨૯ અને ૩૦ એપ્રિલના રોજ તાપમાનનો પારો ૪૪ ડિગ્રીને પાર થવાની સંભાવના હવામાન વિભાગ દ્વારા વ્યક્ત કરવામાં આવી છે. વળી, સુરતમાં ૨૭ અને ૨૮ એપ્રિલના રોજ હીટવેવ સાથે તાપમાન ૪૧ ડિગ્રીને પાર જઈ શકે છે.

હવામાન વિભાગની આગાહી મુજબ સુરત, પોરબંદર, ગીર સોમનાથ, જૂનાગઢ, કચ્છ, દીવમાં ૨૭ અને ૨૮ એપ્રિલના રોજ હીટવેવની આગાહી છે જ્યારે ગરમ પવનો ૨૯ એપ્રિલથી રાજ્યના મોટાભાગના વિસ્તારોમાં ફૂંકાશે જેના પગલે ૨૯ અને ૩૦ એપ્રિલના રોજ અમદાવાદ, ગાંધીનગર, મહેસાણા, પાટણ, બનાસકાંઠા, સાબરકાંઠા, ખેડા, વડોદરા અને સુરેન્દ્રનગર, રાજકોટ, પોરબંદર, જૂનાગઢ, અમરેલી, કચ્છ સહિત રાજયના મોટાભાગના વિસ્તારોમાં હીટવેવની ચેતવણી જાહેર કરવામાં આવી છે.

રાજયના મુખ્ય શહેરોમાં એપ્રલ મહિનામાં સવાસો વર્ષનુ સૌથી વધુ તાપમાન અમદાવાદમાં ૪૬.૨ ડિગ્રી સેલ્સિયસ નોંધવામાં આવ્યુ હતુ. વર્ષ ૨૦૨૦માં અમદાવાદમાં ૩૦ એપ્રિલના રોજ ૪૩.૮ ડિગ્રી સેલ્સિયસ તાપમાન નોંધાયુ હતુ. હવામાન વિભાગની આગાહી પ્રમાણે જો તાપમાન ૪૪ ડિગ્રીને પાર જાય તો દસ વર્ષનો રેકૉર્ડ તૂટશે.

# સંતો સહજ સમાધિ ભલી..

આત્મજ્ઞાનના સંદર્ભમાં જ્ઞાન અને વિજ્ઞાન બંન્ને શબ્દોનો પ્રયોગ કરવામાં આવે છે.શ્રીમદ્ ભગવદ્ ગીતા (૭/૨)માં કહ્યું છે કે હું તને આ તત્વજ્ઞાનને વિજ્ઞાન સહિત સંપૂર્ણ કહીશ જેને જાણીને તારે સંસારમાં બીજું કંઇ જ જાણવા યોગ્ય બાકી રહેતું નથી. અહી સ્પષ્ટ સમજાય છે કે તત્વજ્ઞાનના બે ભેદ છે.જ્ઞાન અને વિજ્ઞાન (વિશેષ જ્ઞાન). જ્ઞાનની પરીભાષામાં કહેવામાં આવે છે કે જ્યારે પૂર્ણ શ્રોત્રિય બ્રહ્મનિષ્ઠ તત્વદર્શી સંત (સદગુરૂ) દ્વારા નિર્ગુણ નિરાકાર અવ્યક્ત બ્રહ્મની અનુભૂતિ (દર્શન) કરાવવામાં આવે છે અને તે જ બ્રહ્મનાં ધરતી અને ગગનની વચ્ચે અંતરીક્ષમાં દર્શન થાય છે તો તે જ્ઞાન કહેવામાં આવે છે પરંતુ જ્યારે કણ કણમાં એટલે કે તમામ સાકાર જડ-ચેતનમાં પણ પ્રભુ પરમાત્માનાં દર્શન થવા લાગે છે તો તે વિજ્ઞાન કહેવાય છે.

અર્જુને કહ્યું કે હે મહાત્મન.. આ સ્વર્ગ અને પૃથ્વીની વચ્ચેનું સંપૂર્ણ આકાશ તથા તમામ દિશાઓ એક આપનાથી જ પરીપૂર્ણ છે.(ગીતા:૧૧/૨૦) એટલે આકાશમાં નિરાકાર પ્રભુ પરમાત્માને જોવા (દર્શન કરવું) જ્ઞાન છે. સંત નિરંકારી મિશનના વડા બાબા અવતારસિંહજી મહારાજે પોતાના પ્રસિદ્ધ ગ્રંથ અવતારવાણીમાં કહ્યું છે કે.. મહાકાશ આકાશની અંદર વ્યાપી રહ્યો છે જે દાતાર, સમયના સ્વામીએ રાખ્યું છે આનું નામ જ નિરાકાર..(અવતારવાણી:૧૧) પરંતુ આ જ પ્રભુ પરમાત્માનાં જ્યારે




તમામ સાકાર વસ્તુઓ (જડ-ચેતન)માં પણ દર્શન થાય છે જેમાં પરમાત્માના સિવાય અન્ય વસ્તુઓની સત્તાની પ્રતીતિ થતી નથી અને થાય છે તો મિથ્યા પ્રતીતિ થાય છે તે વિજ્ઞાન કહેવાય છે.

શ્રીમદ્ ભગવદ્ ગીતા (૭/૭)માં ભગવાન કહે છે કે મારા સિવાય આ જગતનું બીજું કંઇપણ કારણ કે કાર્ય છે જ નહીં. જેમ સૂતરના મણકા સૂતરના ધાગામાં પરોવાયેલા હોય છે એજ રીતે આખું જગત મારામાં જ ઓતપ્રોત છે તેમ જડ ચેતન તમામમાં એક પરમાત્મા જ સમાયેલા છે. આ વિજ્ઞાન છે. જેમાં દ્વેતભાવ રહેતો નથી. અદ્વૈતનું જ્ઞાન એ જ વિજ્ઞાન છે. વેદાંતની ભાષામાં જીવ અને બ્રહ્મની એકતા જ છે.એકત્વથી એક જ રહે છે અને જુદાઇથી નરક પ્રાપ્તી થાય છે એટલે સમદૃષ્ટિ કે સમતાયોગને જ વાસ્તવિક યોગ કહેવામાં આવ્યો છે અને એ જ વિજ્ઞાન છે. આ વાત વધુ સ્પષ્ટ? કરતાં અવતારવાણીમાં કહ્યું છે કે.. કણકણમાં છે તારી જ્યોતિ કણકણ પર તારૂં નામ, જ્યાં જોઉં ત્યાં સર્વ દિશામાં જોઇ રહ્યો છું તારૂં ધામ.. (અવતારવાણી:૨) આ વિજ્ઞાન જ સહજ અવસ્થા કે સમાધિનું કારણ બને છે. દ્વેત દૂર થયા વિના સચ્ચિદાનંદના વાસ્તવિક આનંદ અને સહજ અવસ્થા દુર્લભ છે. શરીરનો અહંકાર દૂર થતાં જ દ્વેતભાવ દૂર થાય છે. આ દ્વેતભાવ દૂર થવો જ જોઇએ એટલે કે જ્ઞાનના દ્વારા જ દેહાભિમાન નષ્ટવ થઇ જાય છે તો તે વિજ્ઞાન કહેવાય છે અને તેનાથી સમાધિ (સહજ અવસ્થા)ની પ્રાપ્તિય થાય છે. ક્યારેક દેહાભિમાન (હું દેહ છું આવો ભાવ) અને જ્ઞાન બંન્ને હોય છે અને કહેવામાં આવે છે કે મને બ્રહ્મજ્ઞાન થઇ ગયું પરંતુ વિજ્ઞાનમાં આ મન રહે તે પણ ચાલતું નથી. અહીયાં પહોચીને જ્ઞાન-જ્ઞાતા અને જ્ઞેય.. આ ત્રણેય એક થઇ જાય છે. દૃષ્ટાન..દૃશ્ય અને દર્શનનું એકત્વ જ વિજ્ઞાન છે જેનાથી સહજ અવસ્થા એટલે કે ભરપુર આનંદ જ આનંદ શેષ રહે છે.ચાણક્યનીતિમાં કહ્યું છે કે પરમાત્માના વિજ્ઞાન દ્વારા જેનું દેહાભિમાન (જીવભાવ) નષ્ટ થઇ ગયું છે તેનું મન જ્યાં જ્યાં જાય છે ત્યાં ત્યાં એટલે કે સર્વત્ર સમાધિ અવસ્થા જ છે.આવા વિજ્ઞાનયુક્ત મહાપુરૂષ જ જીવનમુક્ત કહેવાય છે જેના લક્ષણો (ઓળખાણ) બતાવતાં શ્રીમદ્ ભગવદ્ ગીતામાં કહ્યું છે કે.. જે પ્રિયને પ્રાપ્ત થઇને હર્ષિત ન થાય અને અપ્રિયને પ્રાપ્ત થઇને ઉદ્વિગ્ન ન થાય તે સ્થિરબુદ્ધિવાળો, મૂઢતારહીત(જ્ઞાની), સંશય રહીત, બ્રહ્મને જાણવાવાળો બ્રહ્મવેત્તા મનુષ્ય્ સચ્ચિદાનંદ પરબ્રહ્મ પરમાત્મામાં એકીભાવથી નિત્ય સ્થિર છે. (ગીતા:૫/૨૦)

બહારના વિષયોમાં આસક્તિ રહીત અંતઃકરણવાળો સાધક આત્મામાં સ્થિત જે ધ્યાનજનિન સાત્વિક આનંદ છે તેને પ્રાપ્ત કરે છે પછી તે સચ્ચિદાનંદઘન પરબ્રહ્મ પરમાત્માના ધ્યાનરૂપ યોગમાં અભિન્નભાવથી સ્થિત પુરૂષ અક્ષય આનંદનો અનુભવ કરે છે.(ગીતા:૫/૨૧) આ જે ઇન્દ્રિયો તથા વિષયોના સંયોગથી ઉત્પન્ન થયેલા તમામ ભોગો(સુખો) છે તે વિષયી પુરૂષોને સુખરૂપ લાગે છે તો પણ તે અંતે દુઃખદાયી જ છે અને આદિ અંતવાળા એટલે કે અનિત્ય છે એટલા માટે બુદ્ધિમાન વિવેકી પુરૂષ તેમાં રમણ કરતા નથી. (ગીતા:૫/૨૨)

ઘણીવાર જ્ઞાનપ્રાપ્તિ પછી જ વિજ્ઞાનની સ્થિતિ બનતી હોય છે એટલા માટે જ સદગુરૂ અને સંતો બ્રહ્મજ્ઞાન પ્રાપ્તિ પછી સેવા સુમિરણ સત્સંગ કરતા રહેવાનો આદેશ આપે છે જેનાથી જિજ્ઞાસુ જ્ઞાનથી વિજ્ઞાન સુધી પહોંચીને જીવનમુક્ત બની શકે.

ભક્ત કબીરજીએ કહ્યું છે કે.. સહજ સમાધિ ભલી હો સંતો સહજ સમાધિ ભલી હો, જહાં જહાં જાઉં સોઇ પરિકમ્મા જો કછું કરૂં સોઇ પૂજા, આંખ ન મુંદું કાન ન રૂંધું કાયા કષ્ટ ન ધારૂં, ઉઘડે નયનસે સાહેબ દેખું સુંદર વદન નિહાળું..

વિનોદભાઇ માછી નિરંકારી
નવીવાડી,તા.શહેરા,જી.પંચમહાલ
૯૭૨૬૧૬૬૦૭૫(મો)

## મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સાથે થાઇલેન્ડના ભારત સ્થિત રાજદૂતની બેઠક યોજાઇ

ગાંધીનગર,તા.૨૭

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ સાથે થાઇલેન્ડના ભારત સ્થિત રાજદૂત સુશ્રી પટ્ટારાટ હોંગટોંગઅને પ્રતિનિધિમંડળે ગાંધીનગરમાં સૌજન્ય મુલાકાત બેઠક યોજી હતી. આ બેઠકની વાતચીતમાં તેમણે ગુજરાતના જામનગરમાં ડબ્લ્યુએચ અને આયુષ મંત્રાલય દ્વારા નિર્માણ થનારા ગ્લોબલ સેન્ટર ફોર ટ્રેડીશનલ મેડીસીન પ્રોજેક્ટ્સમાં સહભાગીતા અને આયુષ-આયુર્વેદ પદ્ધતિના આદાન-પ્રદાન માટે થાઇલેન્ડની તત્પરતા દર્શાવી હતી. થાઇલેન્ડ રાજદૂતે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલને આ સંદર્ભમાં જણાવ્યું કે, થાઇલેન્ડમાં પણ આયુષ પદ્ધતિ અને આયુર્વેદ ઉપચાર માટેની એક હોસ્પિટલ ચાલે છે. એટલું જ નહિ, થાઇલેન્ડમાં આયુર્વેદ પ્રોડક્ટ કંપનીઓ પણ કાર્યરત છે ત્યારે ગુજરાતના આ વર્લ્ડ કલાસ સેન્ટરનો વ્યાપક લાભ થાઇલેન્ડ પણ લેવા ઉત્સુક છે. તેમણે ખાસ કરીને ફાર્માસ્યુટિકલ સેક્ટર, રિન્યુએબલ એનર્જી, ટુરિઝમ અને ઇ-વ્હીકલ જેવા ક્ષેત્રોમાં ગુજરાત સાથે સહભાગીતાની સંભાવનાઓ અંગે આ બેઠકમાં પરામર્શ કર્યો હતો.

## વિરોધ અને તરફેણઃ કેટલીક પ્રાથમિક સમજ

'આપ'ની કિન્નાખોરીને કારણે પંજાબ પોલીસ કુમાર વિશ્વાસના ઘરે પહોંચી અને મહારાષ્ટ્રની શિવ સેના સરકારે સાવ ફાલતુ કેસમાં સાંસદ નવનીત રાણા અને તેમના ધારાસભ્ય પતિ રવિ રાણાની ધરપકડ કરીને તેમની સામે રાજદ્રોહ જેવો ગંભીર ગુનો ઠોકી દીધો.

એટલે જિજ્ઞેશ મેવાણીની એવી જ ધરપકડના મુદ્દે 'કાયદો કાયદાનું કામ કરશે'ની સુફિયાણી હાંકતા મોદીભક્તો આવી ગયા અને કહેવા લાગ્યા કે કુમાર વિશ્વાસ અને રાણા દંપતિ વિશે કેમ નથી બોલતા?

આ બહુ જૂનો દાવ છે. છતાં, જેમના માટે તે નવો હોય, તેમણે એ સમજી લેવા જેવો છે, જેથી ભક્તોની છેતરામણી, તર્કાભાસી દલીલથી ગુંચવાડો પેદા ન થાય.

દરેક વ્યકિતને બધા પક્ષ કે બધી ઘટનાઓ એકસરખી અનિષ્ટ લાગે એ જરૂરી નથી. જેમ કે, કોઈને ભાજપ સૌથી મોટું અનિષ્ટ લાગે, કોઈને કોંગ્રેસ સૌથી મોટું અનિષ્ટ લાગી શકે, તો કોઈને 'આપ' કે બીજા પક્ષ.

દરેક વ્યક્તિ દરેક કિસ્સા-પ્રસંગ-ઘટના પર પ્રતિક્રિયા આપે તે જરૂરી નથી. તે શક્ય પણ નથી. તેની (ઉપર જણાવેલી) પ્રાથમિકતા, તેને મળતી માહિતી, સમયની અનુકૂળતા વગેરે બાબતોના આધારે તે કોઈ ઘટનાની પ્રતિક્રિયા આપે કે ન પણ આપે.

ધારો કે, મેવાણીની ધરપકડનો વિરોધ કરનાર કોઈએ કુમાર વિશ્વાસ કે રાણા દંપતિ વિશે પ્રતિક્રિયા ન આપી.

- ત્યારે તે કુમાર વિશ્વાસની નોટિસ કે રાણા દંપતિની ધરપકડ વાજબી ઠરાવવા બેસી જાય છે?

- 'આપ'નો-શિવ સેનાનો બચાવ કરવા દોડી જાય છે?

- 'કાયદો કાયદાનું કામ કરશે'--એવું ડહાપણ ડહોળવા બેસી જાય છે?

- જો ના, તો તેનો અર્થ એ છે કે તેમની પ્રાથમિકતા મેવાણી સાથેના અન્યાયનો વિરોધ છે.

તેનો અર્થ એવો નથી કે તેમને બીજા અન્યાય મંજૂર છે અને તે અન્યાયકર્તાઓના બચાવમાં છે.

- એવ જ રીતે, કોઈની પ્રાથમિકતા રાણાની ધરપકડ હોઈ શકે. એટલા માત્રથી તે મોદીભક્ત ન બની જાય.

પણ રાણાની ધરપકડ થઈ તે પહેલાં સુધી અને ત્યાર પછી પણ, ભાજપ સરકાર દ્વારા થતા અન્યાય વખતે તે સરકારના બચાવમાં ઉતરે, 'કાયદો કાયદાનું કામ કરશે'—એવી માળા જપે, તેમને પાકા ભક્ત જાણવા. તેમના સગવડીયા સવાલોનો તાર્કિક જવાબ આપવાની તસ્દી લેવી નહીં.

કોઈ પણ પક્ષ કે સરકારની અન્યાયનો બચાવ કરવા અને બચાવ માટે વળતો હુમલો કરવા દોડી જનારા લોકો પાકા ભક્ત હોય છે. તેવા ભક્તો ભાજપમાં સૌથી મોટી સંખ્યામાં છે. તે સિવાયના તમામ પક્ષોમાં પણ ભક્તો છે.

એક ઉદાહરણથી વાત કરું: હું ભક્તોની કે નેતાઓની જેમ સામસામા અન્યાયના છેદ ઉડાડતો નથી. કોઈ ભાજપવાળાને રાણા સામેના અન્યાયનો વિરોધ કરવો હોય તો હું તેમાં ટેકો આપું જ અને ઈચ્છું કે મેવાણી સામેના અન્યાયના વિરોધમાં એ પણ જોડાય.

એવું થાય તો અન્યાયનો ભોગ બનેલાને ન્યાય મળે, નાગરિકો એક થાય અને નાગરિકધર્મનો જય થાય.

આ સમજ બિનભક્તો માટે છે. ભક્તો આ રીતે વિચારવા રાજી હોત તો તે ભક્તો થોડા હોત?

## શ્રમયોગી પી એસ બારીયા ને જૂની પેન્શન યોજનાનો લાભ તથા છઠ્ઠા અને સાતમા પગાર પંચ મુજબના તમામ લાભો ચૂકવવા નામદાર ગુજરાત હાઈકોર્ટનો આખરી આદેશ

સરદાર સરોવર નિગમના તાબા હેઠળ કાલોલ જીલ્લો પંચમહાલ માં આવેલ નર્મદા નહેર પેટા વિભાગ ૧૭/૪ માં રોજમદાર વાયરમેન તરીકે તારીખ ૨૪/૧૧/૮૮ ફરજ બજાવતા શ્રી પ્રકાશ એસ બારીયા ને સંસ્થાએ સરકારશ્રીના તારીખ ૧૭/૧૦/૮૮ ના પરિપત્રના લાભોથી વંચિત રાખતા તેઓએ ગુજરાત સ્ટેટ લેબર ફેડરેશન ના પ્રમુખશ્રી અંબાલાલ એસ ભોઈ દ્વારા ગુજરાત સરકારશ્રીના તારીખ ૧૭/૧૦/૮૮ ના પરિપત્ર મુજબ ના લાભો મેળવવા માટે મજુર અદાલત ગોધરા ખાતે ડિમાન્ડ અરજી દાખલ કરેલ જે અરજી પડતર હોવાના દરમિયાન અરજદારને વ્યાજબી કારણો સિવાય કોટી પૂર્વ મંજૂરી મેળવ્યા સિવાય તારીખ ૧/૧/૦૭થી તેમની લાંબા સમયની નોકરીમાંથી છૂટા કરી દીધા તે સમયે ડિમાન્ડ કેસ અદાલત સમક્ષ પડતર હોય ત્યારે કામદારની નોકરીમાંથી છૂટા કરતા સમય અદાલત સમક્ષ એપ્રૂલ અરજી દાખલ કરી કોર્ટની પૂર્વ મંજૂરી મેળવવાની હોય છે પરંતુ સંસ્થાએ અદાલતની મંજૂરી મેળવ્યા નોકરીમાંથી છૂટા કરી દીધી છે તે બાબતે અરજદારે નામદાર ગુજરાત હાઈકોર્ટ સમક્ષ એસ.સી.એ નંબર ૨૭૫૬/૦૮ દાખલ કરેલ જે અરજી ચાલી જતા હાઈકોર્ટ દ્વારા અરજદારને તાત્કાલિક અસરથી ફરજ ઉપર રાખવાનો અને મકાન અને માર્ગ વિભાગના સરકારશ્રીના તારીખ ૧૭/૧૦/૮૮ પરિપત્ર મુજબના તમામ લાભો આપવા આદેશ પણ કરેલ જે આદેશ અન્વયે સંસ્થાએ શ્રી પ્રકાશ બારીયા ને તેમની મૂળ જગ્યાએ એટલે કે રોજમદાર વાયરમેન તરીકે ફરજ માં હાજર કરેલ પરંતુ હાજર કર્યા બાદ હાઈકોર્ટના આદેશનું પૂરેપૂરું પાલન કરવામાં નિષ્ફળતા દાખવેલ જેને લઇ કામદારે ફેડરેશન દ્વારા હાઈકોર્ટના એડવોકેટ દીપક આર દવે મારફતે પાંચમા અને છઠ્ઠા પગાર પંચનો પૂરેપૂરો લાભ તફાવત તથા જૂની પેન્શન યોજનાનો લાભ મેળવવા એસી એ નંબર ૧૭૪૮૫/૨૧ દાખલ કરે અરજીમાં પડેલ પુરાવાના આધારે નામદાર ગુજરાત હાઈકોર્ટ ના માનનીય ન્યાયમૂર્તિ શ્રી બીરેન વૈષ્ણવ સાહેબે તારીખ ૨૪/૪/૨૨ ના રોજ અરજદારને જૂની પેન્શન યોજનાનો( G P F) લાભ આપવો તથા છઠ્ઠા અને સાતમા પગારપંચ મુજબના પગાર ચૂકવવા તથા તેના તફાવતની રકમ ૧૦ અઠવાડિયામાં ચૂકવી આપવાનો આખરી આદેશ થતા નર્મદા યોજનાના કામદારો તથા સહ કર્મચારીઓ અરજદારના પરિવારમાં માં આનંદ અને હર્ષ છવાયો.

CYMK

# આહવા ખાતે યોજાઇ કોવિડ-૧૯ તથા ઈમ્યુનાઈઝેશન અંગેની સમીક્ષા બેઠક



આહવાઃ તાઃ ૨૭:

ડાંગ જિલ્લાના ૧૮ યુવાનોને કોવિડ-૧૯ રસીકરણનો ત્રીજો ડોઝ આપવા માટે, જિલ્લાની ખાનગી હોસ્પિટલો, ક્લિનિકોમા સુવિધા ઉપલબ્ધ કરાવવામા આવશે, તેમ જણાવતા ડાંગ કલેક્ટર શ્રી ભાવિન પંડ્યાએ રસીકરણની કામગીરીની સમીક્ષા હાથ ધરી હતી.

ડાંગ જિલ્લા સેવા સદન ખાતે યોજાયેલી આરોગ્ય વિભાગની એક બેઠકને સંબોધતા કલેક્ટર શ્રી પંડયાએ, જિલ્લાના ખાનગી પ્રેક્ટીસ કરતા તબિબોને, આ કામગીરી માટે સરકારશ્રીના ધારાધોરણો અનુસાર સર્વિસ ચાર્જ પણ અપાશે તેમ જણાવ્યુ હતુ.

ડાંગ જિલ્લાના ત્રણેય તાલુકાઓ આહવા, વઘઈ અને સુબિર ખાતે આવી સુવિધા ઉપલબ્ધ થાય તે માટે તબીબોના હકારાત્મક અભિગમની અપેક્ષા વ્યક્ત કરતા કલેક્ટર શ્રી ભાવિન પંડયાએ, આ અંગે ખાનગી તબીબોને તમામ માહિતી-માર્ગદર્શન માટે જિલ્લાનુ આરોગ્ય તંત્ર ઉપયોગી થશે, તેમ પણ જણાવ્યુ હતુ.

દરમિયાન ડાંગ જિલ્લા આરોગ્ય વિભાગના ઇઝૐશ્રી ડો.સંજય શાહે, કોરોનાની સંભવિત ચોથી લહેરને ધ્યાને લઈને, આગોતરી તૈયારીઓ સંદર્ભે પણ ચર્ચા કરી હતી. હાલમા જિલ્લાના બોરખેત ગામે કોરોનાનો એક, એક્ટિવ કેસ છે તેમ પણ ડો.શાહે પૂરક વિગતો આપતા જણાવ્યુ હતુ.

૧૮ ના રસીકરણની કામગીરીમા શાળા/કોલેજની ભૂમિકા સુનિશ્ચિત કરવા સાથે, આગામી શાળાકીય વેકેશનને ધ્યાન લઈ આગોતરૂ આયોજન કરવાની હિમાયત કરતા, કલેક્ટર શ્રી ભાવિન પંડયાએ, ૬૦ અને ફ્રન્ટલાઈન વર્કરોને પ્રિકોશન ડોઝ આપવાની કામગીરીની પણ સમીક્ષા હાથ ધરી હતી.

RCHOશ્રી ડો.સંજય શાહે, આહવાના સિવિલ હોસ્પિટલમા કાયમી રીતે રસીકરણ કેન્દ્ર કાર્યરત છે તેમ જણાવી, જરૂરિયાતમંદો ત્યાથી રસી લઈ શકે છે તેમ ઉમેર્યુ હતુ.

બેઠકમા જિલ્લા વિકાસ અધિકારીશ્રી ડો.વિપિન ગર્ગએ ઉપસ્થિત રહી ચર્ચામા ભાગ લીધો હતો. નિવાસી અધિક કલેક્ટર શ્રી પી.એ.ગાવિત, તથા નાયબ પોલીસ અધિક્ષક શ્રી પી.જી.પટેલે પણ ઉપયોગી સૂચનો રજૂ કર્યા હતા.

નરેન્દ્ર પવાર,ડાંગ

# પાટણમાં ભક્તિસભર માહોલ વચ્ચે ભગવાન શ્રી પરશુરામજી મંદિર પરિસરનો પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ ઉજવાયો

રિપોર્ટ નિખિલ જોશી પાટણ બ્યુરો

ઐતિહાસિક અને ધર્મની નગરી એવા પાટણ શહેરમાં ભગવાનશ્રી જગન્નાથજીના સાનિધ્યમાં બ્રહ્મર્ષિઓના ઈષ્ટદેવ અને ભગવાન વિષ્ણુના છઠ્ઠા અવતાર એવા ભગવાન શ્રી પરશુરામજી નુ મંદિર નિર્માણ જગન્નાથ ટ્રસ્ટ દ્વારા કરવામાં આવેલ છે જ્યારે ભગવાનની મૂર્તિ સુઈગામ નિવાસી ડીવાયએસપી સુભાષભાઈ કે.ત્રિવેદી પરિવાર દ્વારા બનાવીને આપવાના આવેલ છે ત્યારે જગદીશ મંદિર પરિસર માં તારીખ ૨૭ એપ્રિલનાં રોજ ભગવાન શ્રી પરશુરામજીના ભક્તિ સભર કાર્યક્રમો વચ્ચે પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ ગુજરાત ભરના વિદ્વાન બ્રાહ્મણોના મંત્રોચ્ચાર વચ્ચે ૧૦૮ કળશના અભિષેક સાથે કરવામાં આવ્યો હતો.



શ્રી જગન્નાથ મંદિર પરિસર ખાતે શ્રી જગન્નાથ મંદિર ટ્રસ્ટ પરિવાર અને શ્રી પરશુરામ ભગવાન પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ સમિતિ દ્વારા આયોજિત કરાયેલા આ પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ પ્રસંગે મંદિર પરિસર ખાતે શ્રી પરશુરામજી ભગવાન પ્રાણ પ્રતિષ્ઠા યજ્ઞ કરવામાં આવ્યો હતો. જેના યજમાન પદે કૈલાશબેન પિયુષભાઈ દેવેન્દ્ર પ્રસાદ આચાર્ય, ગાયત્રી બેન કૃપેશ કુમાર મહાસુખલાલ ત્રિવેદી,કવિતાબેન વિનોદભાઈ રવિશંકર જોષી, લતાબેન દુર્ગેશભાઈ અમૃતલાલ જોષી,ભૂમિકાબેન હિતેશભાઈ નવીનભાઈ રાવલ, રંજનબેન કંદર્પભાઈ દેવેન્દ્રભાઈ આચાર્ય અને રીનાબેન મયુરકુમાર ચુનિલાલ પટેલ પરિવારે લ્હાવો લીધો હતો. જયારે યજ્ઞની શાસ્ત્રોક્ત વિધિ વિદ્વાન બ્રાહ્મણો ભાલચંદ્રભાઈ ગોડસેજી કાશી

,રૂષિભાઈ ગોડસેજી વડોદરા, વિશ્વનાથ લીમકર નાસીક, કૌશિક દવે મહેસાણા,વિવેક શુક્લ મહેસાણા સહિત પાટણનાં ડો.અમિત ઓઝા,દિપક વ્યાસ,ચિરાગ સામવૈદી, કનુભાઈ શુકલ દ્વારા કરવામાં આવી હતી.

પાટણ શહેરમાં ભગવાન શ્રી જગન્નાથ નાં સાનિધ્યમાં બિરાજમાન ભગવાન શ્રી પરશુરામજી મંદિર નાં પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ ની સાથે સાથે શ્રી જગન્નાથ ભગવાનના નિજ મંદિરનાં નવ નિર્મિત ગર્ભ ગૃહ નાં દાતા અ.સૌ.કૈલાશબેન પિયુષભાઈ આચાર્ય પરિવાર દ્વારા ભગવાન જગન્નાથ, ભાઈ બલભદ્ર અને બહેન સુભદ્રા ની પ્રતિમાની શુધ્ધી કરણ સ્થાપના અને ગર્ભ ગૃહ માં ભગવાન શ્રી વિષ્ણુજી ની બે અલગ-અલગ સ્વરૂપમાં મૂર્તિ ની પુનઃ પ્રાણ્રતિષ્ઠા વિધી પણ શાસ્ત્રોક્ત મંત્રોચ્ચાર વચ્ચે કરવામાં આવી હતી. પાટણના શ્રી જગન્નાથ મંદિર પરિસર ખાતે નવ નિર્માણ પામેલ શ્રી પરશુરામજી ભગવાન નાં મંદિર પરિસર નાં પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવનાં સમાપન પ્રસંગે હજારોની સંખ્યામાં ધર્મપ્રેમી નગરજનો એ ઉપસ્થિત રહી ભગવાન શ્રી પરશુરામજી સહિત ભગવાન શ્રી જગન્નાથ નાં દર્શન પ્રસાદ નો લાભ લઇ ધન્યતા અનુભવી હતી.

શ્રી જગન્નાથ મંદિર પરિસર ખાતે આયોજિત શ્રી પરશુરામજી ભગવાન નાં

પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ પ્રસંગને સફળ બનાવવા શ્રી જગન્નાથ મંદિર ટ્રસ્ટના મેનેજિંગ ટ્રસ્ટી પિયુષભાઈ આચાર્ય, પ્રવિણભાઈ બારોટ, કાંતિભાઈ પટેલ, હર્ષદભાઈ શુક્લ,બેબાભાઈ શેઠ, પ્રણવ રામી, રાજુભાઈ રાવલ, વિનુભાઈ પટેલ, અશોકભાઈ મોદી સહિત શ્રી પરશુરામજી ભગવાન પ્રતિષ્ઠા મહોત્સવ સમિતિ સહિતના સેવાભાવી આગેવાનો,યુવા કાર્યકર ભાઈ,બહેનો દ્વારા જહેમત ઉઠાવવામાં આવી હતી.

### પૂર્વ ગૃહરાજ્યમંત્રી અને ધારાસભ્ય શ્રી પ્રદીપસિંહ જાડેજાના હસ્તે પોતાના મતવિસ્તાર

# વસ્ત્રાલમાં અંદાજિત ૪.૮ કરોડના ખર્ચે વિવિધ પ્રજાલક્ષી વિકાસ કાર્યોના ખાતમુહૂર્ત તથા લોકાર્પણ સંપન્ન

### વસ્ત્રાલમાં વોર્ડમાં નવી બનાવવામાં આવેલી આંગણવાડીઓનું લોકાર્પણ, વસ્ત્રાલ વોર્ડમાં રીંગરોડની પૂર્વ દિશામાં માધવ ફોર્મ પાસે નવા અર્બન હેલ્થ સેન્ટરનું ખાતમુહૂર્ત

પૂર્વ ગૃહરાજયમંત્રી અને ધારાસભ્ય શ્રી પ્રદીપસિંહ જાડેજાના હસ્તે વસ્ત્રાલ વોર્ડમાં અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના અંદાજિત ૪.૮ કરોડના ખર્ચે વિવિધ પ્રજાલક્ષી વિકાસ કાર્યોના ખાતમુહૂર્ત તથા લોકાર્પણ સંપન્ન થયા હતા.




આ અવસરે શ્રી પ્રદીપસિંહ જાડેજા દ્વારા પૂર્વ ઝોન વસ્ત્રાલ વોર્ડમાં રિંગરોડની પૂર્વ દિશામાં માધવ ફાર્મ પાસે નવા અર્બન હેલ્થ સેન્ટરનું ખાતમુહુર્ત કર્યું હતું.

શ્રી પ્રદીપસિંહ જાડેજાએ વસ્ત્રાલ વોર્ડમાં નવી બનાવવામાં આવેલ આંગણવાડીઓ જેમાં રતનપુર ગામની પાછળ આવેલી આંગણવાડી કેન્દ્ર ૯, રામેશ્વર પાર્ક સ્કૂલની બાજુમાં આવેલી આંગણવાડી કેન્દ્ર ૧૩, જલપરી - એક, બે, ત્રણ તેમજ ઉમિયા નગર ખાતે આવેલી આંગણવાડીનું લોકાર્પણ પણ કર્યું હતુંસાથો- સાથ વસ્ત્રાલ વોર્ડમાં કોમ્યુનિટી હેલ્થ સેન્ટર ખાતે એક્સ-રે અને સોનોગ્રાફી મશીનનું લોકાર્પણ પણ પૂર્વ ગૃહ રાજયમંત્રીશ્રી પ્રદીપસિંહજી જાડેજાએ કર્યું હતું.

આ અવસરે અમદાવાદના મેયરશ્રી કિરીટભાઈ પરમાર, ડેપ્યુટી મેયર શ્રીમતી ગીતાબેન પટેલ, મ્યુનિસિપલ કોર્પોરેશન શાસક પક્ષના નેતા ભાસ્કરભાઈ ભટ્ટ, દંડક શ્રી અરુણ સિંહ રાજપુત, રોડ અને બિલ્ડીંગ કમિટીના ચેરમેન શ્રી મહાદેવભાઈ દેસાઈ, હેલ્થ અને સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ કમિટીના ચેરમેન શ્રી ભરતભાઈ પટેલ તેમજ મહિલા અને બાળ વિકાસ કલ્યાણ સમિતિના ચેરપર્સન શ્રીમતી પ્રતિભાબેન જૈન ઉપસ્થિત રહ્યા હતા.

### 'માન્યતા કરતા માનવતા ચઢીયાતી...'

# રમઝાન મહિનાના પવિત્ર દિવસોમાં એક મુસ્લિમ યુવકે અંગદાન કરી "માનવતાની મિશાલ" પ્રસ્થાપિત કરી

'અંગ દાન,મહાદાન....' થોડાક સમય પહેલા માત્ર પુસ્તકમાં કે વાતોમાં શોભતુ આ સૂત્ર આજે સાચા અર્થમાં ચરિતાર્થ થયું છે. કદાચ કલ્પી પણ ન શકાય તે રીતે સિવિલ હોસ્પિટલમાં અત્યાર સુધીમાં ૫૮ અંગદાન થયા હતા. ૫૮મા અંગદાનના કિસ્સામાં 'માન્યતા કરતા માનવતા' ચઢિયાતી બની છે. કચ્છ જિલ્લાના ૨૫ વર્ષીય મુસ્લિમ યુવકને માર્ગ અકસ્માત નડ્યો... સિવિલ હોસ્પિટલમાં સારવાર દરમિયાન તેને બ્રેઈન ડેડ જાહેર કરાયો...સિવિલ હોસ્પિટલની SOTTO ની ટીમે પરિવારજનોને અંગદાન માટે સમજાવ્યો... અત્રે ઉલ્લેખનીય છે કે, કેટલાક સમાજ-ધર્મ-વર્ગમાં જુદા જુદા અથવા અગમ્ય કારણોસર અંગદાન સ્વીકાર્ય નથી. બેશક કદાચ તેની પાછળ અલગ માન્યતા હોઈ શકે, તે આખો અલગ વિષય છે. સિવિલ હોસ્પિટલના તબીબોની સમજાવટના પગલે મુસ્લિમ યુવકના પરિવારે 'માનવતા'ને મહત્વ આપ્યું. રમઝાનના પવિત્ર માસમાં મુસ્લિમ સમાજના યુવકના પરિવારજનોએ અંગદાનનો પાક નિર્ણય કરીને પરવરદિગારને ઈબાદત સમર્પિત કરી છે. મુસ્લિમ યુવકને બ્રેઇનડેડ શરીરને રીટ્રાઇવલમાં લઇ જતા પહેલા હંમેશાની જેમ જ્યારે સિવિલ હોસ્પિટલની ટીમ દ્વારા પ્રાર્થના કરવામાં આવી ત્યારે રમઝાનના મહિનામાં પોતાના સ્વજનના આત્માની શાંતિ માટે એક બાજુ મુસ્લિમ પરિવારજનો "કલમા પઢી રહ્યા હતા" જ્યારે અન્ય બાજુએ સિવિલ હોસ્પિટલની ટીમ દ્વારા ઈશ્વરને પ્રાર્થના કરતા સર્વ ધર્મ સમભાવ ના દ્રશ્યો સર્જાયા હતા. સિવિલ હોસ્પિટલમાં થયેલ છેલ્લા ચાર અંગદાનમાં બકુલભાઇ વાઘેલાને રોડ અકસ્માત, લાડુબેન માછીને બ્રેઇન હેમરેજ, જે મુસ્લિમ બ્રેઇન ડેડ યુવકના પરિવારજનોએ અંગદાન કર્યું તેને માર્ગ અકસ્માત અને લલીતાબેન સાધુને બ્રેઇન હેમરેજ થતા સિવિલ હોસ્પિટલમાં સારવાર અર્થે દાખલ કરવામાં આવ્યા હતા. આ તમામ બ્રેઈનડેડ વ્યક્તિઓના પરિવારજનોને જ્યારે સિવિલ હોસ્પિટલની SOTTO ની ટીમ દ્વારા અંગદાન માટે સમજાવતા પરિવારજનોએ અંગદાનની સંમતિ દર્શાવી. સિવિલ હોસ્પિટલના અંગદાનના મહાયજ્ઞના શરૂઆતના દિવસોમાં પરિવારજનોને અંગદાન માટે સમજણ આપવામાં જે પડકારોનો સામનો કરવો પડતો તેમાં મહદઅંશે અંત આવ્યો છે. આજે સમાજમાં પ્રવર્તેલી જાગૃતિના પરિણામે પરિવારજનો અંગદાન માટે સરળતાથી સંમતિ આપી રહ્યા છે. સિવિલ હોસ્પિટલના સુપ્રિન્ટેન્ડેન્ટ ડો. રાકેશ જોષી કહે છે કે, કોઈપણ સરકારી કે પ્રાઈવેટ હોસ્પિટલમાં છેલ્લા ૨૫ દિવસમાં કુલ ૧૧ વ્યક્તિઓના અંગદાન કરવામાં આવ્યા હોય તેવી પ્રથમ ઘટના છે. છેલ્લા માત્ર ૩૬ કલાકના સમયમાં ત્રણ વ્યક્તિઓના અંગદાન કરવામાં આવ્યા. છેલ્લા એક મહીના માં ૧૧ અંગદાન થકી કુલ ૧૯ કીડની, કુલ ૧૦ લીવર, ૧ સ્વાદુપિંડ, ૨ હૃદય તેમજ ૪ ફેફસા મળી કુલ ૩૬ અંગોનુ દાન મળ્યુ. અત્યાર સુધીમાં સિવિલ હોસ્પિટલ દ્વારા કુલ ૫૮ વ્યક્તિઓના અંગદાન થકી ૨૨૧ અંગોનું દાન મેળવવામાં આવ્યુ જે થકી ૧૫૯ વ્યક્તિઓને નવુ જીવન મળ્યું છે....' એમ તેઓ ઉમેરે છે. અત્રે એ ઉલ્લેખનીય છે કે, સિવિલ હોસ્પિટલના સુપ્રિન્ટેન્ડેન્ટ ડો. રાકેશ જોષી દ્વારા સિવિલ હોસ્પિટલ ની SOTTO(State Organ And Tissue Transplant Organisation) ટીમને મળતા સતત માર્ગદર્શન અને પ્રોત્સાહન સાથે સમાજ અને સેવાભાવી સંસ્થાઓના વ્યારા પ્રયાસોથી અંગદાન ક્ષેત્રે સફળ પરિણામો મળી રહ્યા છે. તથા હોસ્પિટ્લમાં આ અંગે જરુરી માળખાકીય સુવિધા ઉભી કરી તેમજ વધુમાં વધુ લોકોમા પ્રવર્તેલી જાગરૂકતાના ફળ સ્વરુપે ૬ મહીનાના ટુંકા ગાળામાં સિવિલ હોસ્પિટલે ૫૦ અંગદાનની રેકોર્ડ કામગીરી કરી કેટલાય લોકોના જીવનમાં ઉજાસ પાથરવાનુ ભગીરથ કામ થયું છે. સો સો સાલામ છે આવા કર્મવીરોને....

-હિમાંશુ ઉપાધ્યાય




અમદાવાદ પ્રહલાદ નગર ગાર્ડન ચાર રસ્તા રેસ્ટોરન્ટ પાસે ગટરના ઢાંકણા વગર ભયના બોર્ડ મુકેલ છે તો અકસ્માત સર્જાય તે પહેલાં રિપેર કરવા આમ નગર વાસીઓની માંગણી છે.



લીમખેડા શનિમંદિર ખાતે આજે પ્રથમવાર સામુહિક રીતે શ્રી સેનજી મહારાજની ૭૨૨મી જન્મ જયંતિ નિમિત્તે વિશેષ પુજા અર્ચના અને આરતી કરવામા આવી હતી, સાથે મહા પ્રસાદીનુ પણ આયોજન કરવામા આવ્યુ હતુ, જે મહા પ્રસાદીનો લાભ લઈ ઉપસ્થિત લોકોએ ધન્યતા અનુભવી હતી, આ કાર્યક્રમ મા લીમખેડા, દુધીયા, રણધીકપુર, મોટીબાંડીબાર સહિતના ગામો માથી સેન સમાજના લોકો ઉપસ્થિત રહ્યા હતા.

તસવીર અભેસિંહ રાવલ દાહોદ

# બંસી ગીર ગૌશાળા દ્વારા તા.૨૯/૦૪/૨૦૨૨,શુક્રવાર ગૌ આધારિત પ્રાકૃતિક ખેતી અંગે પ્રશિક્ષણ કાર્યક્રમનું આયોજન

બંસી ગીર ગૌશાળાની સ્થાપના ૨૦૦૬ માં શ્રી ગોપાલભાઈ સુતરીયા દ્વારા ભારતની પ્રાચીન વૈદિક સંસ્કૃતિને પુનર્જીવિત કરવા, પુનઃસ્થાપિત કરવાના પ્રયાસરૂપે કરવામાં આવી હતી. વૈદિક પરંપરાઓમાં, ગાયને દૈવી માતા, ગૌમાતા તરીકે આદરવામાં આવતી હતી, અને જે આરોગ્ય, જ્ઞાન અને સમૃદ્ધિ આપે છે. સંસ્કૃતમાં, ×ગો× શબ્દનો અર્થ ×પ્રકાશ× પણ થાય છે.



આજે, બંસી ગીર ગૌશાળા ગીર જાતની ૭૦૦ થી વધુ ગૌમાતાઓ અને નંદીઓથી આશીર્વાદિત છે. ગોપાલભાઈના નેતૃત્વ હેઠળ, ગૌશાળા તેના કાર્યક્ષેત્ર અને કાર્યક્ષેત્રમાં ગોપાલનમાં શ્રેષ્ઠતાના કેન્દ્ર કરતાં ઘણી આગળ વધી ગઈ છે. ગૌશાળા આયુર્વેદમાં નવીન ફોર્મ્યુલેશન વિકસાવી રહી છે, પ્રાકૃતિક ખેતીમાં નવી પદ્ધતિઓ દાખલ કરી રહી છે અને પ્રાચીન ભારતીય શિક્ષણ પ્રણાલીને પુનર્જીવિત કરવા માટે નક્કર પ્રયાસો કરી રહી છે.

બંસી ગીર ગૌશાળા દ્વારા તા.૨૯/૦૪/૨૦૨૨,શુક્રવાર બપોરે ૨ થી ૪ વાગ્યા દરમ્યાન ગૌ આધારિત પ્રાકૃતિક ખેતી અંગે પ્રશિક્ષણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમનું આયોજન પોપટાપુરા, છતરડી સ્ટેન્ડ, ખંભાત – ધર્મજ રોડ, તા. ખંભાત ખાતે કરવામાં આવ્યું છે. જેનાં મુખ્ય વક્તા ગોપાલભાઈ સુતરીયા(બંસી ગીર ગૌશાળા, અમદાવાદ) છે. ગૌ કૃપા અમૃતમ્ લઈ જવા માટે પોતાની સાથે ખાલી બોટલ લઈ જવા જણાવવામાં આવ્યું છે.

ઓછા ખર્ચે થતી ખેતી અંગે સમજવા માટે ગૌ આધારિત પ્રાકૃતિક ખેતી પ્રશિક્ષણમાં પધારવા ખંભાત તારાપુર તાલુકા ગાયત્રી પરિવાર તથા આણંદ જિલ્લા યુવા ગાયત્રી પરિવાર દ્વારા જાહેર આમંત્રણ આપવામાં આવ્યું છે. આ અંગે વધુ માહિતી મેળવવા માટે (મો. ૯૬૨૪૪૫૨૬૪૧) ,(મો. ૯૭૨૭૩૩૫૨૮૦),(મો. ૯૮૨૫૩૮૨૫૫૪) (મો.૯૪૨૬૫૫૪૨૯૩) (મો.૯૮૯૮૩૦૫૮૬૯) પર સંપર્ક કરવા જણાવાયું છે.

# લીમખેડામાં ગોબરધન પ્રોજેક્ટ અંતર્ગત બાયોગેસ પ્લાન્ટ વિશે તાલીમ કાર્યક્રમ યોજાયો



દાહોદ :

સ્વચ્છ ભારત ગ્રામીણ (ગ્રામીણ) યોજના હેઠળ ગોબરધન પ્રોજેક્ટ અંતર્ગત બાયોગેસ પ્લાન્ટ વિશે સમજણ, માર્ગદર્શન તેમજ લોક જાગ્રુતી સ્વચ્છતા બાબતે જાગ્રૂતતા માટેનો એક દિવસીય તાલીમ કાર્યક્રમ જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી દ્વારા લીમખેડા તાલુકાની કુન્લી, માન્લી અને અગારા (ઉ) ગ્રામ પંચાયત ખાતે યોજવામાં આવ્યો હતો. જેમાં ગ્રામજનોને ગોબરધન પ્રોજેક્ટ બાબતે માર્ગદર્શન આપવામાં આવ્યું. તેમજ લાભાર્થી પસંદગીની કામગીરી હાથ ધરવામાં આવી હતી. ગ્રામજનો ઉત્સાહ સાથે તાલીમ કાર્યક્રમમા જોડાયા હતા. તાલીમ વિવેક પ્રજાપતિ, જિલ્લા કો.ઑર્ડિનેટર તેમજ બી.સી.મન્ના, સદગુરૂ ફાઉન્ડેશન દ્વારા અપાઇ હતી. તેમજ અન્ય કર્મયોગીઓ પણ ઉપસ્થિત રહયા હતા.

તસવીર અભેસિંહ રાવલ દાહોદ

### અમદાવાદના આંગણે કલ્યાણ પુષ્ટિ હવેલી દ્વારા

# 'શ્રી વલ્લભ જયંતિ મહોત્સવ' યોજાયો- મુખ્ય મંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલની પ્રેરક ઉપસ્થિતિ

જગન્નાથ મંદિરના શ્રી દિલીપદાસજી મહારાજ, ભારતી આશ્રમના શ્રી ઋષિભારતી બાપુ, ઈસ્કોન મંદિરના શ્રી હરેશ ગોવિંદદાસ પ્રભુજી, સોલા ભાગવત વિદ્યાપીઠના શ્રી ભાગવતઋષિજી સહિતના સંતો, મહંતોએ આ મહોત્સવમાં લાભ લીધો.અમદાવાદના આંગણે આજે કલ્યાણ પુષ્ટિ હવેલી આયોજીત શ્રીમદ વલ્લભાચાર્ય મહાપ્રભુજીના પ્રાગટયની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલ વિશેષ ઉપસ્થિત રહ્યાં હતાં. આ પ્રસંગે મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલે ભાવપૂર્વક જણાવ્યું હતું કે, આજના વિશેષ દિને હું સૌ સંતો, મહંતોના ચરણોમાં વંદન કરું છું. શ્રીમદ વલ્લભચાર્યને પ્રાર્થના મુખ્યમંત્રીશ્રીએ



કહ્યું હતું કે, રાજ્યની જનતા માટે સુખાકારી નિર્ણયો લઈ શકાય અને જનતાની સેવામાં તત્પર રહી શકીએ તે માટે ભગવાન આપણને સૌને શક્તિ આપે.આ મહોત્સવમાં રાજયમંત્રી શ્રી અર્જુનસિંહ ચૌહાણ, શહેરના મેયર શ્રી કિરીટભાઈ પરમાર, વૈષ્ણવાચાર્ય શ્રી શરણમકુમારજી, જગન્નાથ મંદિરના શ્રી દિલીપદાસજી મહારાજ, ભારતી આશ્રમના શ્રી ઋષિભારતી બાપુ, ઈસ્કોન મંદિરના શ્રી હરેશ ગોવિંદદાસ પ્રભુજી, સોલા ભાગવત વિદ્યાપીઠના શ્રી ભાગવતઋષિજી સહિતના સંતો, મહંતો, કોર્પોરેશનના પદાધિકારીશ્રીઓ, કોર્પોરેટરશ્રીઓ સહિત બહોળી સંખ્યામાં ભાવિકો ઉપસ્થિત રહ્યાં હતાં.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.